
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




# શ્રી જૈન સત્ય પ્રકાશ

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph. : (079) 23276252, 23276204-05
Fax : (079) 23276249



વર્ષ : ૨૧ : અંક : ૫
ક્રમાંક : ૨૪૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विषय दर्शन


| અંક : | લેખ : | લેખક : | પૃષ્ઠ : |
|---|---|---|---|
| ૧. | ભોગનો પરિવાર : | પૂ. મુ. શ્રી ચંદ્રપ્રભસાગરજી : | ૯૭ |
| ૨. | તેરાપંથ–સમીક્ષા : | પૂ. પં. શ્રી ધુરંધરવિજયજી : | ૯૮ |
| ૩. | પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકાની શુદ્ધિવિચારણા : | પં. શ્રી લાલચંદ્ર ભ. ગાંધી : | ૧૦૧ |
| ૪. | ઠક્કર ફેરુ રચિત મુદ્રાશાસ્ત્રનો અદ્વિતીય જૈન ગ્રંથ : | પૂ. મુ. શ્રી. કાંતિસાગરજી : | ૧૦૩ |
| ૫. | દશ આશ્ચર્યો ; | પ્રો૦ શ્રી. હીરાલાલ ર. કાપડિયા : | ૧૦૬ |
| ૬. | રોહિણી : | પૂ. મુ. શ્રી નિરંજનવિજયજી : | ૧૦૯ |
| ૭. | વિદ્વદ્વર્ય શ્રી સુમતિવિજયજી : | શ્રી. અગરચંદજી નાહટા : | ૧૧૭ |
| ૮. | જૈન કથા સાહિત્યના મહારથી પ્રોફેસર ડૉ. હર્ટલનો દેહાંત : | શ્રીમતી ડૉ. શાર્લોટ ક્રાઉઝે | ટાઇટલ પેજ : ત્રીજું |


અંજાઈ જાય છે, એ ગાફેલ બને છે; એનાં ચક્ષુઓ મીંચાઈ જાય છે. અને અંધકારમાં તણાઈ જાય છે........!

આવા પ્રસંગે જે ક્ષણભર સદ્‌વિચારના દ્વારે થંભી જાય છે એના માટે ભય નથી. આંખમાં ચમકેલી વીજળી અદૃશ્ય થતાં માણસને મૂળ સ્થિતિએ આવતાં વીર લાગતી નથી. એ અનુભવ ચક્ષુઓ ખૂલે તો તરત જ સમજાઈ જાય કે ભોગની પાછળ વિયોગ છે. વિયોગની પાછળ રોગ છે. રોગની પાછળ શોક છે. શોકની પાછળ મહામૃત્યુ છે. જેને ભોગનાં ક્ષણિકતા સમજાઈ તે આજ મસ્તીથી ગાય છે :

“ આ સૌ સ્વપ્નો કેરા રંગ, કે સાચા ના કદી રે લોલ. ”

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हम् ॥
अखिल भारतवर्षीय जैन श्वेताम्बर मूर्तिपूजक
मुनिसम्मेलन संस्थापित
श्री जैनधर्म सत्यप्रकाशक समितिनुं मासिक मुखपत्र
जेशिंगभाईनी बाडी : घीकांटा रोड : अमदावाद (गुजरात)
તંત્રી : ચીમનલાલ ગોકળદાસ શાહ

| | | |
|---|---|---|
| वर्ष : २१ | વિક્રમ સં. ૨૦૧૨ : વીર નિ. સં. ૨૪૮૨ : ઈ. સ. ૧૯૫૬ | क्रमांक |
| अंक : ५ | મહા સુદ ૪ બુધવાર : ૧૫ ફેબ્રુઆરી | २४५ |

# ભોગનો પરિવાર

લેખક : પૂજ્ય મુનિરાજ શ્રીચંદ્રપ્રભસાગરજી (ચિત્રભાનુ)

**આજે** માણસ ભોગ તરફ દોડી રહ્યો છે. પણ એ ગમે તેટલા ભોગ ભોગવે તોયે એને શાન્તિ કે તૃપ્તિ મળે ખરી? માણસનું મન સદાય અતૃપ્ત જ રહેવાનું. આ ભોગોને પામવા પણ જીવનનો ભોગ આપવો પડે છે. આવા જીવનનો, મૂલ્યનો, કાયાનો, આત્માનો ભોગ આપવા છતાં મેળવેલા ભોગો ચિરકાળ ટકતા નથી. એ મેળવ્યા પછી નહિ જ જાય એમ કોણ કહી શકે! એને પામીએ ત્યારથી જ રખે એનો વિયોગ ન થાય એની ચિન્તા ઊભી થાય છે. આ ચિંતા ખોટી પણ નથી. ભોગમાં રોગનો ને વિયોગનો ભય છે જ. તે ક્યારે આવશે તે માણસ જાણતો નથી, પણ તે આવશે, જરૂર આવશે એમ તો સૌનાં હૃદય કબૂલ કરતાં હોય છે. ભોગની પ્રાપ્તિ ટાણે પણ માણસના હૈયામાં જે વિયોગની શંકા ઉદ્‌ભવે છે તે ખોટી નથી. એની પાછળ આત્માના અનુભવનો પ્રકાશ છે.

એણે અનેક ભોગીઓને અંતિમ સમયે રોગમાં ટળવળતા અને વિયોગમાં ઝૂરતાં જોયા છે. અને એ દૃશ્યનું કદી ન ભુલાય તેવું પ્રતિબિંબ એ હૃદયે પડ્યું હોય છે. તેથી જ માણસનું હૃદય ભોગના ઉપભોગ વખતે પણ કંપે છે. આ કંપ સૂક્ષ્મ હોય એટલે એને માણસ, નિર્બળ મનની શંકા કરી, ભૂલી જાય છે. પણ ખરી રીતે તો એ કંપ આત્માનો સાક્ષાત્કાર છે. ભયના સાક્ષાત્કારનો ઉપયોગ માણસ સાવધ થઈને કરતો નથી. આ અનુભવનો ઉપયોગ કરે તો એ જરૂર ભોગ અને ઉપભોગથી વિરમે. એ ભોગમાં રહેલી અતૃપ્તિ જોઈ શકે, ભોગમાં રહેલા રોગ ને શોકના ઘા અવલોકી શકે. સાપથી સાવધ થઈને ચાલે તેમ ભોગના પાપથી પણ સાવધ થઈ ચાલે. પણ માણસ, ભોગની વીજળી ચમકે છે ત્યારે

[ જુઓ : અનુસંધાન ટાયટલ પેજ બીજું ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# તેરાપંથ-સમીક્ષા

લેખક : પૂજ્ય પંન્યાસ શ્રીધુરંધરવિજયજી

[ ૨ ]

**શ્રી. તીર્થંકર** પરમાત્માનું શાસન સર્વ જગત્-જન્તુને હિતકર હોવા છતાં પણ જો એ શાસન સમજાય નહિ, વિપરીતપણે સમજાય તો હિતકર થતું નથી અને અહિત જન્માવે છે. શ્રી તીર્થંકર પરમાત્મા આત્મહિતકર ભાવોને પ્રકાશે છે અને શ્રી ગણધર ભગવંતો તેને આગમરૂપે ગૂંથે છે. આગમમાં ગૂંથાયેલા ભાવો ગહન છે–અતિગહન છે. નય–નિક્ષેપ–ગમ–ભંગ-પ્રમાણ-ઉત્સર્ગ–અપવાદ-દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવ વગેરે અનેક અપેક્ષાઓનો ખ્યાલ રાખીને આગમના ભાવો સમજવામાં આવે તો સમુચિત પરિણામ આપનારા થાય, નહિ તો આંખનું કાજલ ગાલે ઘસવા જેવું થાય.

ગુરુગમને નહિ અનુસરનારા અને મનસ્વીપણે આગમના અર્થો સમજીને ચાલનારા આત્માઓ અનેક અનર્થો ઉપજાવે છે. એવા અનર્થો જન્માવનારાઓમાં **તેરાપંથ** પણ એક ગણનાપાત્ર છે. તેરાપંથને જન્મ આપનાર ભિકખમજી અથવા ભિકખુજી છે. તેરાપંથને ગમે કે ન ગમે પણ તેનો ટૂંકો અને યથાર્થ પરિચય આપતાં કહી શકાય કે ' દયા–દાનનો દુશ્મન એ તેરાપંથ. ' આ પરિચય યથાર્થ છે તે જાણવા માટે ભિકખુજીનું ચરિત્ર જાણવા જેવું છે.

વિ૦ સં૦ ૧૭૮૩ ના અષાઢ શુદિ ૧૩ ને દિવસે મારવાડમાં આવેલા કંટાલિઆ ગામમાં બલૂશાહ ઓસવાલને ઘેરે દીપાદેથી ભિકખુજીનો જન્મ થયો. જન્મનક્ષત્ર મૂળ હતું. ઉચિત વયે વિવાહ કર્યો. થોડા વર્ષો બાદ સ્ત્રીનું અવસાન થયું. સામાન્યપણે સાધુઓનો સમાગમ ભિકખુજીને ગમતો, તેમાં રુગનાથજીના સમાગમમાં વિશેષ આવ્યા. ચારિત્રની ભાવના જાગી અને સં. ૧૮૦૮ માં બગડી ગામે દીક્ષા લીધી. આ સર્વ સ્થાનકવાસી સંપ્રદાયમાં બન્યું.

આ દીક્ષાને અને ગુરુ રુગનાથજીને ભિકખુજીના અનુયાયીઓ દ્રવ્યદીક્ષા અને દ્રવ્યગુરુ તરીકે ઓળખાવે છે. જે માટે 'શ્રી ભિકખુચરિત્ર'માં અને 'ભિક્ષુજસ- રસાયણ'માં સ્પષ્ટ લખ્યું છે:—

" संवत् अढार आठां बरसमें रे लाल, लीधो द्रव्ये संयम भार रे; सो०
गुरु किया रुगनाथजी रे लाल, पूरो उलख्यो नहिं आचार रे : सो०"

( શ્રી ભિકખુચરિત્ર ઢા. ૧. ગા. ૮ )

" द्रव्य चारित्र धारीयो रे लाल, भावे चरण म जाणा " ( ઢા. ૧ ગા. ૧૯ )

" द्रव्य गुरु धार्या रुगनाथजी रे लाल, पिण नाइ धर्मनी झाणा "( ઢા. ૧. ગા. ૨૦ )

—( ભિક્ષુજસ–રસાયણ )

ભિકખુજીના જીવનની આ પ્રથમ પચ્ચીસીની વાત થઈ. તેમાં જન્મગામ કંટાલીઆ છે. દીક્ષા ગામ બગડી છે. ગામનાં નામો અનેકને અનેક કલ્પનાઓ કરાવે એવાં છે. જન્મ નક્ષત્ર મૂળ પણ ફલાદેશની દૃષ્ટિએ વિચારણીય છે. પચીસ વર્ષ સુધીના સંસારના જીવનની સ્થિતિમાં કોઈ ઉલ્લેખનીય પ્રસંગ નથી એમ કહી શકાય. રુગનાથજી પાસે દીક્ષા લીધી ત્યારે પચ્ચીસ વર્ષની ઉમર છતાં તેમના મંતવ્ય પ્રમાણે ધર્મની સાચી સમજણ અને ધર્મગુરુની સાચી પ્રાપ્તિ થઈ ન હતી. દીક્ષા લીધી ત્યારે સાચા ધર્મની જાણ ભિકખમજીને ન હતી. ત્યાં સુધી સાચો ધર્મ સમજાવનાર તેમને કોઈ મળ્યા ન હતા. સાચા ધર્મગુરુને ઓળખવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમની શક્તિ ન હતી. ભગવંત શાસન અખંડિત વિજયવંત ચાલે છે, તેમાં કોઈ સાચા ધર્મગુરુનો સતત વિરહ હતો એમ તો કહી જ ન શકાય. એટલે તેમના કહેવા પ્રમાણે પણ સાચા ધર્મગુરુની પ્રાપ્તિ તેમને થઈ ન હતી.

× × × ×

દીક્ષા લીધા પછી ભિક્ખુજીએ અધ્યયન આદર્યું. બુદ્ધિથી સૂત્ર-સિદ્ધાંત શીખ્યા. મનમાં ગડમથલ ચાલી. ચાલુ આચાર-વિચાર અને સૂત્રસિદ્ધાન્તની વાતોમાં મેળ ખાતો ન હતો. પોતાનું જીવન સૂત્રાનુસાર આચાર પાળી સાર્થક કરવું એવું મંતવ્ય ભિક્ખુજીના મનમાં ધીરે ધીરે દૃઢ બનતું ગયું. દોષસેવનનું પ્રાયશ્ચિત્ત વારંવાર લેવા લાગ્યા. ગુરુ તરફ સદ્ભાવ હોવા છતાં વિચારભેદ રહ્યા કરતો હતો. અમુક વર્ષ સુધી સંબન્ધમાં કાંઈ ખામી આવી ન હતી. એ સારા સંબન્ધ દરમિયાન-મેવાડમાં રાજનગરના કેટલાક શ્રાવકોએ સાધુઓનો આચાર શિથિલ જાણી વન્દનાદિ વ્યવહાર છોડી દીધો હતો. તેમને સમજાવીને સ્થિર કરવા માટે રુગનાથજીએ ભિક્ખુજીને ત્યાં મોકલ્યા. સાથે ટોકરજી, હરનાથજી અને વીરભાણજી-એમ ત્રણ સાધુઓને પણ મોકલ્યા ભિક્ખુજીએ વચમાં એક જણને દીક્ષા આપી તેનું નામ ભારીમાલજી-એમ પાંચ જણા રાજનગર (મેવાડ) આવ્યા. ત્યાંના શ્રાવકોની વાત ભિક્ખુજીને સાચી લાગી છતાં યુક્તિથી તેમને સમજાવ્યા—પોતાના વૈરાગની અને વિશિષ્ટ ચારિત્રની તેઓ ઉપર છાપ પાડીને તેમને વન્દનાદિ વ્યવહારમાં જોડયા. એ સમય દરમિયાન ભિક્ખુજીને સખત તાવ આવ્યો ને તેમાં તેમને વિચાર આવ્યો કે આમાં ને આમાં આયુષ્ય પૂરું થાય તો જીવની ગતિ કેવી થાય? શુદ્ધ ચારિત્ર કે શુદ્ધ પ્રરૂપણા તો મેં કરી નથી, આમ ને આમ તો જીવનું બગડી જાય. માટે હવે સારા થયા પછી શુદ્ધ ચારિત્રને અનુસરવું. તાવ ઊતર્યો અને સૂત્ર-સિદ્ધાંતનું વિશેષ વાચન કર્યું. પોતાનો વિચાર દૃઢ થતો ગયો. રાજનગરના શ્રાવકોને વાત જણાવી. સાથે સાધુઓને પણ વાત કહી. એ બધાને વાત રુચી ગઈ. રાજનગરનું ચોમાસું પૂરું કરી વિહાર કરીને બધા સોજત (મારવાડ) આવ્યા અને આજુબાજુ વિચરવા લાગ્યા. વીરભાણજી જુદાજુદા ગામમાં વિચરતા અને ભિક્ખુજી જુદાજુદા ગામોમાં. ભિક્ખુજીએ વીરભાણજીને જણાવ્યું કે તમે ગુરુને મળો તો આ વિચારપરિવર્તનની વાત જણાવતા નહિ, હું આવીને સમજાવીશ. વીરભાણજી સોજત ગામે ગુરુને મળ્યા. રાજનગરની વાત નીકળતાં ગુરુને બધી વાત ટૂંકમાં વીરભાણજીએ કહી દીધી. ભિક્ખુજી ગુરુને મળ્યા. વન્દના કરી ત્યારે ગુરુએ માથે હાથ ન મૂક્યો. ભિક્ખુજીને ખબર હતી કે ગુરુને વાતની ખબર પડી ગઈ છે. ઉતાવળ કરવી સારી નથી એમ વિચારીને તેમણે ગુરુને પૂછ્યું કે—'આપે હાથ માથે શા માટે ન મૂક્યો?' ગુરુએ કહ્યું કે, 'તારું મન શંકાવાળું થયું છે માટે—અને તારી સાથે આહાર-પાણીનો વ્યવહાર પણ બંધ છે.' ભિક્ખુજીએ ગુરુને સમજાવ્યા શંકાનું પ્રાયશ્ચિત્ત માગ્યું અને આહાર-પાણી સાથે કર્યાં. તેમના મનમાં ધીરે ધીરે ગુરુને વાત સમજાવવી એવો વિચાર હતો. ગુરુ સાથે વાતો થવા લાગી અને ખેંચતાણ વધવા લાગી. ભિક્ખુજીએ સાથે ચોમાસું કરવા કહ્યું પણ ગુરુએ સાથે ન રાખ્યા. ચોમાસા પછી પાછા બગડીમાં ફરી ભેગા થયા. વાત વધી ગઈ અને ભિક્ખુજી છૂટા પડ્યા. ગુરુએ બધો વ્યવહાર ભિક્ખુજી સાથેનો બંધ કર્યો. રુગનાથજીના પાંચ ચેલાઓ છૂટા થયા. ગુરુ પાછળ પડ્યા. ઘણા પ્રયત્નો કર્યાં પણ ઠેકાણે આવ્યા નહિ. ભિક્ખુજીના કાકાગુરુ જેમલજી મળ્યા. જેમલજીને ભિક્ખુજીની વાત ગમી ગઈ, પણ તેઓ વડીલ હતા એટલે જુદા રહ્યા. આ સર્વ પરિણામને અંતે સં. ૧૮૧૭ના અષાઢ શુદિ પૂનમને દિવસે 'તેરાપંથ'ની વ્યવસ્થિત શરૂઆત થઈ. તેર જણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શરૂઆતમાં જોડાયા એટલે મતનું નામ 'તેરાપંથ' પડ્યું. તે તેરનાં નામ આ પ્રમાણે છે—૧. ભિક્ખુજી, ૨. થિરપાલજી, ૩. ફત્તેહચંદજી, ૪. ટોકરજી, ૫. હરનાથજી, ૬. ભારીમાલ, ૭. વીરભાણજી, ૮. લખમીચંદજી, ૯. વખતરામ, ૧૦. ગુલાબજી, ૧૧. ભારમલ, ૧૨. રૂપચંદ, ૧૩. પ્રેમજી.

આ તેરમાં રુગનાથજીના પાંચ ચેલાઓ, જયમલજીના ૭ ચેલાઓ અને બે બીજાના—એમ તેર મળ્યા હતા. તેરમાંથી ધીરે ધીરે સાત ખરી ગયા હતા અને બાકી ૭ ટકી રહ્યા હતા.

સ્થાનકવાસી સંપ્રદાયમાં દીક્ષા લીધા પછી નવ વર્ષે ભિક્ખુજીની ચોત્રીશ વર્ષની વયે તેમણે 'તેરાપંથ'ની શરૂઆત કરી—અને ચાલુ પરંપરાથી તદ્દન વિપરીત પ્રરૂપણાઓ કરી.

× × ×

ઉપર કહ્યું તે—ભિક્ખમજીનું દીક્ષા લીધી ત્યારથી આરંભીને 'તેરાપંથ'ની સ્થાપના સુધીનું—જીવન છે. એ જીવનમાં અધ્યયનાદિની જે હકીકત છે તેમાં સંસ્કૃત-પ્રાકૃતના અભ્યાસ વિષે કશો પણ ઉલ્લેખ નથી, એટલે તેઓ એ ભાષાના અભ્યાસી ન હતા એમ સહેજે મનાય. એ ભાષાના અધ્યયન વગર આગમના ગંભીર ભાવો સમજવા સુકર નથી. આગમના અર્થોના ઊલટસુલટ ભાવો કરવા જતાં જે વિપરીતતા અને વિષમતા આવી. એ જો સંસ્કૃત–પ્રાકૃતભાષાનું અધ્યયન હોત અને પંચાંગીનું પરિશીલન હોત તો ન આવત એમ આશા રાખી શકાય. ભિક્ખુજીના સમયમાં સ્થાનકવાસી સંપ્રદાયમાં કેટલીક શિથિલતા પ્રવેશી હશે? એમ તેરાપંથના કહેવા પ્રમાણે માની લેવામાં આવે તો પણ કોઈ જુદો મત કાઢવા જેવી કે ચારિત્ર જ નથી એવી કોઈ પણ શિથિલતાનો ઉલ્લેખ તેઓએ કર્યો નથી. બાકી આગમમાં કહ્યા પ્રમાણેના આચારનો વર્તમાનકાળમાં મેળ બેસાડવા માટે સૂક્ષ્મ વિચારણાની આવશ્યકતા હતી. તે વિચારણા ન કરી શકવાને કારણે ભિક્ખુજીએ તત્કાલના સાધુસંપ્રદાય ઉપરની શ્રદ્ધા ગુમાવી દીધી. તેમણે જે નવું જીવન આરંભ્યુ તેમાં અને આગમકથિત આચારમાં કેટલું અંતર છે—તેની વિચારણા કરવામાં આવે તો—તેમના નવા જીવનને પણ તેમના મંતવ્ય પ્રમાણે ભાવસાધુની કોટિમાં ગણાવી શકાય નહિ. બાકી જુદો મત ચલાવનાર દરેક એમ માનતા—મનાવતા હોય છે કે, 'આપકી લાપસી ઓર પરાયી કુસકી'

તેરાપંથીઓના કથન પ્રમાણે ભિક્ખુ આદિ તેર જણે સં. ૧૮૧૭માં ભાવસાધુપણું સ્વીકાર્યું તો તેમના ગુરુ કોણ? શું એ રીતે ગુરુ વગર ચાલે? તેમને શુદ્ધ આચાર પાળવાની ખરેખરી તમન્ના જાગી હોત તો શુદ્ધ આચાર પાળનારા ગુરુની ખોજ કરવી જોઈતી હતી. ભાવગુરુ કોઈ હતા જ નહિ એમ કહેવાનું દુઃસાહસ કરવું એ તો કેવળ મૂર્ખાઈ છે. ગુરુએ સાથે મોકલેલા સાધુઓને જુદીજુદી વાત કરીને ભરમાવવા, ગુરુને ચારિત્રવિહીન માનવા વગેરે ભિક્ખુજીના વિચિત્ર સ્વભાવનું પ્રદર્શન છે.

આ તો તેરાપંથીઓ જે કહે છે તે પ્રમાણે માન્ય રાખીને છે. બાકી સ્થાનકવાસી સંપ્રદાય તો—ભિક્ખુજી કઈ રીતે છૂટા પડ્યા—તેમનો સ્વભાવ કેવો ક્રોધી અને વિષમ હતો—વગેરે જે વાતો કહે છે તે તો ભિક્ખુજીને માટે જરી પણ સદ્ભાવ રહેવા ન દે એવી છે. સ્થાનકવાસી સંપ્રદાયમાંથી તેઓ છૂટા પડેલા એટલે તેની વાતો તદ્દન માનવા જેવી ન હોય એમ તો ન જ કહેવાય અને તેરાપંથી સંપ્રદાય જે કહે છે તે સર્વ બરાબર કહે છે એમ પણ ન મનાય. એટલે આ બધી વાતોમાંથી તારવણ કરીને સમજવું જોઈએ. એ સમજવામાં એટલું તો ચોક્કસ થાય છે કે ભિક્ખુજીએ શુદ્ધચારિત્ર પાળવાના બહાના નીચે નવો મત કાઢ્યો અને તે પણ ભયંકર! એ મતની ભયંકરતાઓ કેવી છે અને કઈ રીતે છે એ હવે પછી— [ ચાલુ ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## પ્રતિક્રમણસૂત્ર–પ્રબોધટીકાની

# શુદ્ધિ–વિચારણા

[૩]

લેખક : પં૦ શ્રીયુત લાલચંદ્ર ભગવાન્ ગાંધી

(ગત અંક : પૃ૦ ૮૨ થી ચાલુ)

### 'સકલાર્હત્'માં

**અભ્યાસીઓને** ઉચ્ચારણમાં સરલતા થાય અને સમજવામાં સુગમતા થાય એ ઉદ્દેશથી પ્ર૦ પ્ર૦ ટીકાવાળા પુસ્તકમાં ખાસ સ્થળે વિવક્ષાને અધીન સંધિ કરવામાં આવી નથી. એ જ રીતે પ્ર૦ પ્ર૦ ભાગ ૩, પૃ૦ ૨૦૩ થી ૨૮૨ સુધીમાં અર્થ–વિવેચન સાથે 'સકલાર્હત્' પ્રકાશિત થયેલ છે. એથી ત્યાં પૃ૦ ૨૦૬ માં, શ્લોક ૨૦ માં પહેલા ચરણના અંતમાંના '**भगवान्**' પદ સાથે બીજા ચરણના પ્રારંભના '**चतुर्थारं**' પદની સંધિ દર્શાવવામાં નથી આવી, તથા ત્યાં પૃ૦ ૨૦૮ મા શ્લો૦ ૩૩ ના ત્રીજા પાદના અંતમાંના '**कूटादयः**–(–**दिक्कः**)' પદ સાથે ચોથા પાદના પ્રારંભના '**तत्र**' પદની સંધિ કરવામાં નથી આવી; તેને વિદ્વાન્ સમીક્ષકે અશુદ્ધ તરીકે ગણાવેલ છે ! એવાં સ્થળોમાં સંધિ કરવામાં આવે તો જ શુદ્ધ ગણાય—એવો એકાન્ત નિયમ જાણવામાં નથી.

તથા એ જ 'સકલાર્હત્'માં પ્ર૦ પ્ર૦ પૃ૦ ૨૦૮, શ્લોક ૩૨ માં પ્રકાશિત '–**प्रदीपानलो**' એવો પાઠ અશુદ્ધ અને '–**प्रदीपानिलो**' એવો પાઠ શુદ્ધ છે—એવી સમીક્ષકની માન્યતા યથાયોગ્ય જણાતી નથી; કારણ કે તેમ માનવામાં—મહાપાપને પ્રદીપની ઉપમા અને વીતરાગદેવને અનિલ–પવનની ઉપમા આપવી અનુચિત ગણાય. તેને બદલે પ્રાચીન વ્યાખ્યાકારે જણાવ્યા પ્રમાણે મહાપાપોને બાળવામાં **પ્રદીપ્ત** થયેલા **અનલ**–અગ્નિ–સમાન વીતરાગદેવને જણાવવા ઉચિત ગણાય; એથી ત્યાં વ્યાખ્યા–શુદ્ધ મળતો પ્રાચીન પાઠ '**प्रदीपानलो**' પસંદ કરવામાં આવ્યો છે, અને એવા અર્થનું સમર્થન ત્યાં જોઈ શકાય છે.

### 'સંતિકરં' સ્તવમાં

પ્ર૦ પ્ર૦ ટીકા પુસ્તક ભાગ ૩, પૃ૦ ૬૮૯ માં ગા૦ ૭ માં ચોથું ચરણ પ્રચલિત પાઠ પ્રમાણે અને અન્યત્ર પ્રદ્યુમ્નસૂરિના 'વિચાર–સાર' પ્રકરણમાં (આ૦ સમિતિ પ્ર૦ સં૦ ૧૯૭૯, પત્ર ૯૨, ગા૦ ૩૦) મળતા પાઠ પ્રમાણે '**बंभो मणुओ सुरकुमारो**' છપાયેલ છે, તથા ૧૦ મી ગાથામાં, ત્રીજા પાદમાં પણ તેવી રીતે પ્રચલિત પાઠ '**वइरुट्टछुत्त**–' આપી, ત્યાં નીચે પાઠાંતર તરીકે '**दत्त**' પાઠ પણ દર્શાવ્યો છે, સદ્ભાગ્યે એ સ્તવના કર્તાના સમયની સં. ૧૪૯૭ માં લખાયેલી પ્રાચીન પોથી મળી આવી હતી, તેના આધારે તેને શુદ્ધ કરવામાં આવ્યાનું સંસ્મરણ છે. વિદ્વાન્ સમાલોચકે જણાવેલ પાઠ '**मणुएसर–कुमारो**' (ગા૦ ૭),



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તથા '**वइरुट्ट-वत्त-**' (ગા૦ ૧૦) સંગત છે. કારણ કે અમારા જાણવા પ્રમાણે વિ. સં. ૧૩૮૭માં તપાગચ્છાધિપતિ શ્રીસોમતિલકસૂરિએ (શ્રીમુનિસુંદરસૂરિના માન્ય પૂર્વજે) રચેલ પ્રા૦ '**સત્તરિસયઠાણ**'માં '**मणुपसर**' વાળો ગાથા-પાઠ જોવામાં આવે છે અને એની વ્યાખ્યામાં ત્યાં '**मनुजेश्वरः**' વગેરે મળે છે, તેથી તે સ્વીકાર્ય છે.

## પૌષધ-પ્રત્યાખ્યાનમાં

પ્ર૦ પ્રબોધટીકા ભાગ ૩, પૃ૦ ૪૨માં પ્રકાશિત '**चउव्विहं पोसहं ठामि**' પાઠને સમાલોચકે અશુદ્ધ જણાવ્યો છે, અને **चउव्विहे पो०** પાઠને શુદ્ધ જણાવ્યો છે, પરન્તુ ત્યાં દ્વિતીયા-વિભક્તિવાળો પાઠ ઘટે છે, જે શુદ્ધ છે. '**तस्स उत्तरी**' અને '**अरिहंत-चेइयाणं**' વગેરે સૂત્રોમાં જેમ '**ठामि काउस्सग्गं**' દ્વિતીયા-વિભક્તિવાળો પાઠ શુદ્ધ છે, તેવી રીતે અહીં પણ સમજવો જોઈએ. શ્રીહેમચંદ્રાચાર્યે સ્વોપજ્ઞ 'શ્રીયોગશાસ્ત્ર'ના વિવરણ (પ્રકાશ ૩, પૃ૦ ૨૧૪ જૈ૦ ધ૦ પ્ર૦ સભા પ્ર૦)માં જણાવ્યું છે—'**ठामि काउस्सग्गं-अनेकार्थत्वाद् धातूनां ठामि-करोमि**' તે પ્રમાણે અહીં પણ 'હું પોસહ કરું છું' એવો અર્થ સમજવો જોઈએ. —એથી ત્યાં પ્રકાશિત પાઠ શુદ્ધ છે.

બીજી રીતે વિચારીએ તો અકર્મક ધાતુઓના યોગમાં કાલ, અધ્વ, **ભાવ,** દેશરૂપ આધાર, કર્મ અને અકર્મ બન્ને વિકલ્પે બનતા હોવાથી '**कालाध्वभावदेशं वाऽकर्म चाकर्मणाम्**' [**સિદ્ધહેમ** ૨-૨-૨૩.] સૂત્ર પ્રમાણે ત્યાં દ્વિતીયાવાળો પાઠ અશુદ્ધ ગણાય નહિ અને પાઠાન્તર તરીકે મળતો સપ્તમી—વિભક્તિવાળો પાઠ પણ માની શકાય.

ત્રીજી રીતે તપાસીએ તો પ્રાકૃતશૈલી પ્રમાણે '**सप्तम्या द्वितीया**' [**સિદ્ધહેમ**૦ ૮-૩-૧૩૭.] સૂત્રને આધારે પણ ત્યાં દ્વિતીયાવાળો પ્રકાશિત પાઠ શુદ્ધ તરીકે વિચારી શકાય.

એ જ **પૌષધ** સૂત્રના ત્યાં પ્રકાશિત **भन्ते** પાઠને અશુદ્ધ અને **मंते** પાઠને શુદ્ધ તરીકે ગણાવવા વિદ્વાન્ મુનિરાજે કેમ પ્રયત્ન કર્યો? તે સમજી શકાતું નથી, કારણ કે પ્રાકૃતશૈલી પ્રમાણે **સિદ્ધહેમ**ચંદ્ર-શબ્દાનુશાસન ૮-૧-૩૦ '**वर्गेऽन्त्यो वा**' સૂત્ર-પ્રમાણે અનુસ્વારવાળો અને અનુનાસિકવાળો બન્ને પ્રાકૃત પાઠો શુદ્ધ કહી શકાય.

તથા પ્ર૦ પ્રબોધ ટીકાવાળા પુસ્તકના ભાગ ૩, પૃ૦ ૫૬ માં પ્રકાશિત પાઠ '**चंदवडिंसो**' ને અશુદ્ધ અને '**चंदवडंसो**' પાઠને શુદ્ધ જણાવ્યો છે, પરંતુ પ્રાચીન ગ્રન્થોમાં—પોથીઓમાં '**चंदवडिंसो**' પાઠ જોવામાં આવે છે. સં. ૧૪૬૮ માં શ્રીવર્દ્ધમાનસૂરિએ રચેલા '**આચાર-દિનકર**' (વિ૦ ૨. પૃ૦ ૩૨૩)માં, સં૦ ૧૫૦૬ માં તપાગચ્છાધિપતિ શ્રીરત્નશેખરસૂરિએ રચેલી '**શ્રાદ્ધવિધિ**'ની 'વિધિકૌમુદી' નામની સ્વોપજ્ઞવૃત્તિમાં (તૃતીય પર્વકૃત્ય પ્રકાશમાં), તથા સં૦ ૧૭૩૧ માં ઉ૦ **માન**વિજયજીએ સંકલિત કરેલા '**ધર્મસંગ્રહ**' (પત્ર ૯૩)માં '**चंदवडिंसो**' એવો પાઠ જોવામાં આવે છે. તથા '**पाइअसद्दमहण्णवो**' જેવા પ્રાકૃતકોશમાં પ્રાચીન પ્રાકૃત ગ્રંથોના આધારે એને મળતા '**चंड(द)वडिंसय(ग), चंदुत्तरवडिंसग, कप्पवडिंसय,** ँय, **पुप्फुत्तरवडिंसग**' જેવા અનેક શબ્દો દર્શાવ્યા છે. એ વિચારતાં ત્યાં પ્રકાશિત પાઠને શુદ્ધ તરીકે ગણવો જોઈએ

(ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





ઠક્કર ફેરુ રચિત

# મુદ્રાશાસ્ત્રનો

## અદ્વિતીય જૈન ગ્રંથ

: લેખક :
પૂજ્ય મુનિરાજ શ્રી કાંતિસાગરજી

**ગતાંક**માં દર્શાવેલ કોષ્ટકમાં સૂચિત મુદ્રાઓમાં ચૌલુક્યનરેશ દુર્લભરાજ (રાજકાળ : વિ૦ સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮ સુધી), કુમારપાલ (રાજકાળ : વિ૦ સં૦ ૧૧૯૯ થી ૧૨૨૯), અજય-પાલ (રાજકાળ : વિ૦ સં૦ ૧૨૨૯ થી ૧૨૩૨), ભીમ (આ નામના એક જ વંશમાં બે નરેશ થયા છે), વીસલદેવ (રાજકાળ : વિ૦ સં૦ ૧૩૦૨ થી ૧૩૧૮), અર્જુનદેવ (રાજ-કાળ : વિ૦ સં૦ ૧૩૧૮ થી ૧૩૩૧), સારંગદેવ (રાજકાળ : વિ૦ સં૦ ૧૩૩૧ થી ૧૩૫૩) આદિ બધા મહારાજાઓ ગુજરાતના છે: આ રાજાઓ મોટા વીર, સાહસી, ચારિત્રવાન અને સાહિત્ય, શિલ્પાદિ કળાઓના ઉન્નાયકો હતા. કહેવાનું તાત્પર્ય એ છે કે, એ દિવસોમાં ગુજરાત ઉન્નતિના શિખર પર હતું ત્યારે રાજાઓએ પોતાની મુદ્રાઓ સ્વતંત્રરૂપે પ્રચારિત કરી હતી, કેમકે 'દ્વયાશ્રય કાવ્ય' અને અન્ય પ્રબંધાત્મક કથાનક તેમજ શિલાનુશાસન તથા આ જ ગ્રંથકાર ફેરુએ વિ૦ સં૦ ૧૪૯૮ વૈશાખ વદ ૧૧ રવિવારે રચિત 'ગણિતસાર' ઈત્યાદિ સાધનોમાં જે મુદ્રા વિષયક મૂલ્યવાન સૂચનાઓ નિર્દિષ્ટ કરી છે, એનાથી માલૂમ પડે છે કે, એ સમયે ગુજરાતમાં પ્રાંતીય વ્યાપારની સુવિધા માટે વિશિષ્ટ પદ્ધતિના સિક્કાઓનું પ્રચલન જો આપણે માની લઈએ તો કોઈ આપત્તિ નથી. '**ભીમપ્રિય**' અને '**વીસલપ્રિય**' આ બંને મુદ્રાઓની પ્રાપ્તિથી જ ચિરપરિચિત પ્રો. ભોગીલાલ જ. સાંડેસરાએ દશ વર્ષ પૂર્વ કલ્પના કરી લીધી હતી કે, બનવાજોગ છે આ મુદ્રાઓનો સંબંધ ગૂર્જર રાજાઓ સાથે અવશ્ય હોવો જોઈએ. પરંતુ હવે આ કલ્પના રહી નથી પણ વાસ્તવિક સત્ય પ્રગટ થઈ રહ્યું છે. કેમકે આમાં મૂલ્ય, તોલ બધાનો હિસાબ સાફ સાફ આપેલો છે. પરમાર્હત કુમારપાલ અને અજયપાલના સિક્કા માલવદેશમાંથી વિપુલ પ્રમાણમાં મળ્યા છે. નિષ્કવેત્તાઓનો અભિપ્રાય છે કે, એનો સંબંધ ચૌલુક્યવંશીય નરેશો સાથે હશે. બીજી મુદ્રાઓ પર વિસ્તૃતરૂપે ત્યારે જ પ્રકાશ નાખી શકાય જ્યારે તેની પ્રાપ્તિ થાય અને સાથે જ આ વિષયનાં સાધનો ઉપલબ્ધ થાય. એ પછી **માલવીય, નલપુર, ચંદેરિકાપુર** આદિ મુદ્રાઓનો ઉલ્લેખ કરેલો છે; જે આ પ્રકારે છે:–

| મૂલ્ય | નામ | શતમધ્યે | રૂપા | તોલા | માશા | ટંક | જવ |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨॥ | **ચૌકડિયા** | ,, | ,, | ૮ | ૦ | ૧ | ૧૦ |
| ૬॥ | **દિઉપાલપુરી** | ,, | ,, | ૧૫ | ૫ | ૧ | ૧૦ |
| ૧૫ | **કુંડલિયા** | ,, | ,, | ૬ | ૫॥। | ૧ | ૧૦ |
| ૧૭ | **કડલિયા** | ,, | ,, | ૫ | ૮॥। | ૧ | ૧૨ |
| ૧૩॥। | **છહુલિયા** | ,, | ,, | ૫ | ૮॥। | ૧ | ૧૦ |
| ૧૯ | **સેલકી તોગડ** | ,, | ,, | ૫ | ૩ | ૧ | ૧૦ |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૨૦ | જનિયા ચિતોડી | ,, | ,, | ૫ | | | |
| ૨૨ | જકારિયા | ,, | ,, | ૪ | ૪॥ | ૦ | ૬ |
| ૩૦ | ગલહુલિયા | ,, | ,, | ૩ | ૪ | | |
| ૫૬ | ખાલગા | ,, | ,, | ૧ | ૮ | | |
| ૭૫ | શિવગણિક | ,, | ,, | ૧ | ૩ | | |
| ૭ | ચપડા | ,, | ,, | ૧૪ | ૦ | | |
| ૧૪ | મલીતા | ,, | ,, | ૧૪ | ૩ | | |
| ૭ | સિંહમાર | ,, | ,, | ૧૩ | ૦ | | |
| ૭ | ચોરમાર | ,, | ,, | ૧૩ | ૦ | | |
| | મલુવા | ,, | ,, | ૧૩ | ૭ | | |

## ઇતિ માલવીય મુદ્રા

ઉપર્યુક્ત મુદ્રાઓમાં સેલકી, તોગડ સુધીની મુદ્રાઓનાં નામ ગ્રંથકારે ૮૭ મી ગાથામાં ચિત્તૌડી[1] તોલથી માપનો ઉલ્લેખ કરેલો છે. માલૂમ પડે છે કે, એ સમયે માલવદેશ સંબંધી જે કંઈ મુદ્રાઓ મળી આવી છે તેની સંખ્યા ઉપર્યુક્ત સૂચીને જોતાં અપૂર્ણ છે. માલવદેશ સંબંધી કેટલીક મધ્યકાલીન મુદ્રાઓનો સંગ્રહ સિવનીનિવાસી શ્રીયુત ડાલચંદજી ભૂરાના સંગ્રહમાં અમે જોયો હતો. પોણા તોલની એક માલવીય મુદ્રાને, જે ચતુષ્કોણ હતી, તેને ગળાવીને જોતાં એમાં રજત અને ભાગ $\frac{1}{4}$ સંમિશ્રિત હતો.

૧૦૧ થી ૧૦૩ ગાથા સુધી નલપુર મુદ્રાઓ આ પ્રકારે વર્ણિત છેઃ—

ચાહડી મુદ્રાઓ ત્રણ પ્રકારની હોય છે—(૧) **દુઉત્તરી** ૩ તોલા, ૧૦ માશા, (૨) **અંકકી** ૩ તોલા, ૩ માશા, (૩) **પુરાણી** ૨ તોલા, ૩ માશા, **આસલીય** સતરહુત્તરી ૨ તોલા, ૬ માશા. ઉપર જણાવેલી સો મુદ્રાઓનું તોલ ૧૭ા તોલા છે, જેમાં ૨ાા તોલા અને ૨૦ માશા રૂપું છે.

૧૦૪ થી ૧૦૮ ગાથાઓમાં ચંદેરિકાપુર મુદ્રાઓનો આ પ્રકારે ઉલ્લેખ છેઃ—

| મૂલ્ય | નામ | શતમધ્યે | તોલા | માશા | જવ |
|---|---|---|---|---|---|
| ૬॥ | કોલ્હાપુરી | ,, | ૧૫ | ૪ | ૦ |
| ૧૨ | જીરિયા | ,, | ૮ | ૬ | ૦ |
| ૪૦ | અકુડા | ,, | ૨ | ૬ | ૦ |
| ૯ | હીરિયા | ,, | ૧૨ | ૬ | ૦ |
| ૧૫૦ | જઇત | ,, | ૦ | ૮ | ૯ |
| ૧૯૦ | વીરમુંદ | ,, | ૦ | ૭ | ૧૩ |
| ૧૮૦ | લખ્મણિ | ,, | ૦ | ૬ | ૪ |

૧. આ સંકેતથી જણાય છે કે એ દિવસોમાં ચિત્તોડનું કોઇ સ્વતંત્ર માપ રહ્યું હશે, પ્રત્યેક દેશભેદના કારણે વિભિન્ન સમયમાં અલગ અલગ નામ પ્રચલિત હોવાનાં અનેક ઉદાહરણો મળે છે. પરંતુ આ વિષય ઉપર આજ સુધી અન્વેષણ થઈ શક્યું નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૯૦ | વવાવરા | ,, | ૦ | ૫ | ૮ |
| ૧૯૦ | મસીણા | ,, | ૦ | ૫ | ૮ |
| ૧૯૦ | ખસર | ,, | ૦ | ૫ | ૮ |

## ઇતિ ચંદેરિકાપુર મુદ્રા

ચંદેરીકાપુર સંભવતઃ બુંદેલખંડ સ્થિત ચંદેરીનું પૂર્વ અથવા અપભ્રષ્ટ નામ હશે; કેમકે બુઢી ચંદેરીમાં વર્ષાકાળમાં પ્રાયઃ તામ્રના ટુકડા અને સિક્કાઓ નીકળ્યા કરે છે. કોલ્હાપુરી મુદ્રા યદિ વર્તમાન કોલ્હાપુરની સાથે સંબંધ રાખતી હોય તો માનવું પડશે કે ચંદેરી પણ તેની નજીકમાં જ હોવી જોઈએ. અહીં એ ધ્યાન દેવું આવશ્યક છે કે બુંદેલખંડમાં જે કોઈ પણ મુદ્રાઓ આજ સુધી મળી છે, તેમાં આમાંથી એક પણ નથી.

આગળ જાલંધરીય મુદ્રાઓ આ પ્રકારે જણાવી છેઃ—

| મૂલ્ય | નામ | | | | |
|---|---|---|---|---|---|
| ૧૫૦ | જઈતચંદાહે | શતમધ્યે | રૂપા | માશા | ૪ |
| ૨૦૦ | રૂપચંદાહે | ,, | ,, | ,, | ૩ |
| ૩૦૦ | ત્રિલોકચંદાહે | ,, | ,, | ,, | ૦ |
| ૪૦૦ | શાંતિ ઉરીસાહે | ,, | ,, | ,, | ૦ |

આ મુદ્રાઓનો સંબંધ પંચાલ દેશગત શતદ્રુ અને ચંદ્રભાગા નદીના મધ્યવર્તી ટાપુના ઉર્ધ્વાંગ ભાગના જાલંધર નગરના રાજાઓ સાથે સંબંધિત હોવાનું નામોથી સ્પષ્ટ છે. સર્વ પ્રથમ જયચંદનો ઉલ્લેખ છે.[૨] પરંતુ શ્રી. રાખાલદાસ બેનર્જી કૃત 'પ્રાચીન મુદ્રા'માં આ મુદ્રાનો નામોલ્લેખ નથી. જયચંદનો અસ્તિત્વસમય ઈ. સ. ૮૦૪નો છે. જ્યારે રૂપચંદનો ઈ. સ. ૧૩૬૦ થી ૧૩૭૫ સુધીનો છે; જે પ્રસ્તુત ગ્રંથકારથી કંઇક પૂર્વનો છે. ત્રિલોકચંદ્રનો નામોલ્લેખ એના સમયને જોતાં કંઈક અનુચિત જેવો પ્રતીત થાય છે, એનો અસ્તિત્વસમય ઈ. સ. ૧૬૧૦ થી ૧૬૨૫ સુધીનો છે. આ ગ્રંથ ફેરુએ વિ. સં. ૧૩૭૫માં નિર્માણ કર્યો, આથી સંભવ છે કે, ત્રિલોકચંદ્ર નામક બીજો કોઈ રાજા આ વંશમાં થયો હશે. આજ સુધી ત્યાંની વંશાવલી પણ પ્રાપ્ત થઈ નથી. એવી સ્થિતિમાં આ સંબંધે શું કહી શકાય? શાંત-ઉરીસા સિંગારચંદ્ર તો નથી, જેમનો સમય ઈ. સ. ૧૩૭૫ થી ૧૩૯૦ સુધીનો છે. આ રાજાઓ સિવાય બીજા પણ કાંગડાના નરેશોના સિક્કા મળે છે, તે પ્રાયઃ બધા તામ્રના છે. [ ચાલુ ]

૨. આનો ઉલ્લેખ નાગેન્દ્રનાથ બસુએ પોતાના 'હિંદી વિશ્વકોશ'માં કરતાં સૂચિત કર્યું છે કે, અકબરના સમયમાં આ નામનો એક રાજા કાંગડામાં થયો હતો.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# દશ આશ્ચર્યો

લેખક : પ્રો૦ શ્રીયુત હીરાલાલ ર. કાપડિયા એમ. એ.

[ ગતાંક : ૩ થી પૂર્ણ ]

**તીર્થો**—કયું આશ્ચર્ય કયા તીર્થંકરના સમયમાં બન્યું એ બાબત ઉપાધ્યાય **વિનય-વિજયગણિએ** વિ. સં. ૧૭૦૮ માં રચેલા **લોકપ્રકાશ** (સર્ગ ૩૨, શ્લો. ૧૦૩૨ માં નીચે મુજબ જણાવી છે:—

(૧, ૨, ૩, ૬ અને ૮ ક્રમાંકવાળાં) પાંચ આશ્ચર્યો **મ**હાવીરસ્વામીના તીર્થમાં બન્યાં છે, અને (બાકીનાં પાંચ પૈકી એકેક) (ત્રીજું) **મ**લ્લિનાથના તીર્થમાં, (પાંચમું) **ને**મિનાથના તીર્થમાં, (સાતમું) **શી**તલનાથના તીર્થમાં, (નવમું) **ઋ**ષભદેવના તીર્થમાં અને (દસમું) **સુ**વિધિનાથના તીર્થમાં બનેલ છે.

આ ઉપરથી એ વાત ફલિત થાય છે કે **ઠાણ** (સુત્ત ૭૭૭) માં આશ્ચર્યો કાલક્રમ પ્રમાણે ગણાવાયાં નથી. **લોકપ્રકાશ** (સ. ૩૨. શ્લો. ૧૦૨૮–૧૦૩૧) માં દસ આશ્ચર્યો વિષે સંસ્કૃતમાં ઉલ્લેખ છે. એ તીર્થોના કાલક્રમે ગણાવાયાં નથી, જો કે તેમ થઈ તો શકત.

તમામ તીર્થોને લગતી બાબત સૌથી પ્રથમ કોણે રજૂ કરી છે તેની તપાસ કરવાનું અત્યારે બને તેમ નથી. એથી હાલ તુરત તો **પવયણસારુદ્ધાર** (દાર ૧૩૮) માંથી નિમ્નલેખિત ગાથા હું રજૂ કરું છું:—

"सिरि**रिस**ह**सीय**लेसुं एक्केक्कं **म**ल्लि**ने**मिनाहे य ।
**वीर**जिणिंदे पंचउ‍एगं सव्वेसु पाएणं ॥ ८८७ ॥
**रिसहे** अट्ठऽहियसयं सिद्धं **सीय**लजिणम्मि हरिवंसो ।
**नेमि**जिणेऽवरकंकागमणं **कण्ह**स्स संपन्नं ॥ ८८८ ॥
इत्थीतित्थं **मल्ली** पूया असंजयाण नवमजिणे ।
अवसेसा अच्छेरा **वीर**जिणिंदस्स तित्थंमि ॥ ८८९ ॥"[1]

૮૮૫ મી અને ૮૮૬ મી ગાથા જેમ **ઠાણ** જેવી પ્રાચીન કૃતિમાં ઉદ્ધૃત કરાઈ છે તેમ આ ગાથાઓ પણ કોઈક કૃતિમાંથી ઉદ્ધૃત કરાઈ હોય તો ના નહિ, જો કે અત્યારે તો આવી કોઈ કૃતિનું નામ હું દર્શાવી શકતો નથી.

---

૧. **વિચારસાર પયરણ** માં આ ત્રણ ગાથાઓ ગા. ૪૬૬–૪૬૮ તરીકે જોવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૮૮૭મી ગાથા કોના તીર્થમાં કેટલાં આશ્ચર્ય થયાં એ વિષે પ્રકાશ પાડે છે. એમાં સૂચવાયા મુજબ **ઋ**ષભદેવ, **શી**તલનાથ, **મ**લ્લિનાથ અને **ને**મિનાથનાં તીર્થોમાં એકેક આશ્ચર્ય અને **મહા**વીર-સ્વામીના તીર્થમાં પાંચ અને એક આશ્ચર્ય ( અસંયતપૂજા ) તો પ્રાયઃ સર્વના તીર્થમાં થયાં છે.

૮૮૮ મી ને ૮૮૯ મી ગાથા પાંચ આશ્ચર્યનાં નામપૂર્વક તે કયા તીર્થમાં થયાં તે દર્શાવે છે અને એ વાત તો **લોકપ્રકાશ**ગત ઉલ્લેખ સાથે મળતી આવે છે. આથી 'અસંયત-પૂજા'ને અંગે **પવયણસારુદ્ધાર** (ગા. ૮૮૬ ) ની સિદ્ધસેનીય વૃત્તિ ( પત્ર ૨૬૦ આ–૨૬૧ અ) માં. જે વિશેષ હકીકત જોવાય છે તે હું અહીં નોંધું છું

એમ સાંભળવામાં આવ્યું છે કે સુવિધિનાથના નિર્વાણ બાદ કેટલોક કાળ વ્યતીત થતાં 'હુંડા' અપસર્પિણીના દોષથી સાધુઓનો ઉચ્છેદ થયો ( અર્થાત્ સાધુઓ રહ્યા નહિ ). એથી ધર્મ–માર્ગથી અનભિજ્ઞ જનોએ સ્થવિર શ્રાવકોને ધર્મ પૂછ્યો. પોતાના જ્ઞાન અનુસાર કંઈક ધર્મ એ સ્થવિર શ્રાવકોએ એ જનોને કહ્યો. એ ઉપરથી એ જનોએ શ્રાવકોને યોગ્ય ગણાય એવું એમનું પૂજન ધન, વસ્ત્ર વગેરેથી કર્યું. એ પૂજા થવાથી ગર્વિષ્ટ બનેલા એ શ્રાવકોએ પોતાની બુદ્ધિ અનુસાર શસ્ત્રો રચ્યાં અને મહી ( જમીન ), મકાન, શય્યા, સુવર્ણ રૂપ્ય, લોખંડ, તલ, કપાસ, ગાય, કન્યા, હાથી, ઘોડા વગેરેનાં દાનથી આ લોકમાં તેમજ પરલોકમાં મહાફળ મળે છે એમ કહ્યું. વળી મહાલોભને લઈને એમણે 'અમે જ દાનને યોગ્ય છીએ, નહિ કે અન્ય કોઈ' એવો ઉપદેશ આપી એ જનોને છેતર્યાં. તેમ છતાં તે સમયે જેવા જોઈએ તેવા ગુરુનો અભાવ હોવાથી તેઓ 'ગુરુ' ગણાયા. એમ આ ક્ષેત્રમાં તીર્થનો સમૂળગો ઉચ્છેદ થવાથી શીતલનાથના તીર્થ સુધી એ અસંયત ધિગ્વર્ણોની મોટી પૂજા કરાઈ.

૮૮૯મી ગાથાની વૃત્તિ ( પત્ર ૨૬૧ અ–૨૬૧ આ )માં કહ્યું છે કે જે નવમા તીર્થંકર (સુવિધિનાથ)ના તીર્થમાં અસંયતોની પૂજા (રૂપ આશ્ચર્ય)નો ઉલ્લેખ છે તે તીર્થનો સર્વાંશે ઉચ્છેદ થવાથી અસંયતોની પૂજાનો પ્રારંભ થયો એમ દર્શાવવા માટે છે. **સુવિધિનાથથી શાંતિ**નાથ સુધીના આઠ તીર્થંકરોના સાત આંતરાઓમાં તીર્થનો ઉચ્છેદ થયેલો હોવાથી તે વારે પણ અસંયતની પૂજા થઈ હશે. વળી **ઋ**ષભનાથના આદિ કાળમાં **મ**રીચિ, કપિલ વગેરે અસંયતોની પૂજા થયાનું સાંભળવામાં આવ્યું છે. આમ આથી "**एगं सव्वेसु पायण**" એમ કહ્યું છે.

**અન્ય ક્ષેત્રોમાં દસ દસ આશ્ચર્ય**—**સુબોધિકા** ( પત્ર ૨૬ અ)માં કહ્યું છે કે આ દસે આશ્ચર્યો અનંતકાળ થયે આ અવસર્પિણીમાં થયાં છે. આ પ્રમાણે, કાળની સમાનતા હોવાથી, બાકીનાં ચારે 'ભરત' ક્ષેત્રમાં તેમજ પાંચે 'ઐરાવત' ક્ષેત્રમાં પ્રકારાન્તરથી દસ આશ્ચર્યો જાણી લેવાં.

'ભટ્ટારક' **હીર**વિજયસૂરિના શિષ્ય **શુભ**વિજયગણિ દ્વારા [૧]વિ. સં. ૧૬૫૭થી ૧૬૭૧ના ગાળામાં સંગૃહીત સંકલિત **સેનપ્રશ્ન** યાને **પ્રશ્નરત્નાકર**ના દ્વિતીય ઉલ્લાસમાં ૯૪મા પ્રશ્નનો ઉત્તર નીચે મુજબનો અપાયો છે:—

---

૧. જુઓ જૈ. સા. સં. ઈ. ( પૃ. ૫૯૫ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દસે ક્ષેત્રોમાં દસ દસ આશ્ચર્યો હોય છે. તેમાંનાં કેટલાંક એ જ હોય છે તો કેટલાંક જુદાં હોય છે.

**અન્ય આશ્ચર્ય**—સેહસેનીય વૃત્તિ (પત્ર ૨૬૧ અ)માં કહ્યું છે કે ઉપર્યુક્ત દસ આશ્ચર્યો ઉપલક્ષણરૂપી છે. એથી અન્ય જે ભાવો અનંતકાળે બને તે પણ આશ્ચર્ય ગણાય. આમ કહી એમણે **પંચવત્થુગ** (ગા. ૯૨૮)માંથી '**उवलक्खणं तु पयाइं**' અવતરણ રજૂ કર્યું છે. આ પરિસ્થિતિમાં હું **પજ્જોસવણાકપ્પ** (સુત્ત ૧૮)માં નીચેની બાબત રજૂ કરું છું:–

અનંત અવસર્પિણી-ઉત્સર્પિણી વ્યતીત થતાં તીર્થંકરાદિનું ચ્યવન (અવતરણ અંતકુળ, પ્રાંતકુળ, તુચ્છકુળ ઈત્યાદિમાં થાય અને ગર્ભમાં એઓ ઉત્પન્ન થાય એ આશ્ચર્ય છે.

**વ્યક્તિની વિશેષતા**—મેં અહીં [૩]આ દેશને લગતાં જે એકંદર બાર આશ્ચર્યો ગણાવ્યાં છે તેમાં **મરુદેવી**, **મલ્લિનાથ**, **કૃષ્ણ**, **ચમર**, સૂર્ય અને ચન્દ્ર એ છ વ્યક્તિઓ સંબંધી આશ્ચર્યોમાં તે તે વ્યક્તિની વિશેષતા જોવાય છે.

**સાત અજાયબી**—ઓછામાં ઓછાં પચાસ વર્ષ પૂર્વે દુનિયાની સાત અજાયબી વિષે જે ઉલ્લેખ અંગ્રેજી વિશ્વકોશમાં નોંધાયેલો છે તેની નીચે મુજબ સંક્ષિપ્ત નોંધ લેતો, આ લેખ હું પૂર્ણ કરું છું:—

(૧) ઇજિપ્ત યાને મિસરીના પિરામિડો (Pyramids) આ પ્રાચીન મિસરી રાજાના મૃતદેહ ઉપર બંધાવાયેલી શંકુના આકારની સમાધિઓ કબરો છે.

(૨) 'કેરીયા' (Caria)ના રાજા **મોસોલસ** (mausolus) એની રાણી **આર્ટેમેસિયાએ** ઈ. સ. પૂર્વે ચોથી સદીમાં બંધાવેલી કબર.

(૩) એફીસસમાંનું ડાએનાનું મંદિર.

(૪) બેબિલોનની ભીંતો અને ઝૂલતાં ઉદ્યાનો.

(૫) રહોડસમાંનું પૂતળું (Colossus)

(૬) જ્યુપિટર ઓલિમ્ફ્સનું હાથીદાંત અને સોનાનું પૂતળું.


(૭) ઈજીપ્તના ટોલેમિ (Ptolemy) ફિલાડેલ્ફ્સે એલેકઝાંડ્રિયામાં બંધાવેલો બુરજ (Pharos).

---

૩. દશે ક્ષેત્ર આશ્રીને ૧૦૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# રોહિણી

લેખક : **પૂજ્ય મુનિરાજ શ્રીનિરંજનવિજયજી**

[ પૂ. મુ. શ્રીખાંતિવિજયજી શિષ્ય ]

[ **પૂર્વ વાર્તાનો સાર**—અશોકચંદ્ર નામે રાજાને રોહિણી નામે રાણી હતી. તે શોક અને રુદનને જાણતી નહોતી. આથી રાજાએ તેને એ જણાવવા માટે પોતાના નાના પુત્રને મહેલના સાતમે માળથી નીચે નાખી દીધો. પણ દૈવીપ્રભાવથી એ પુત્રને કોઈ ઈજા થઈ નહીં. ત્યારે રાજાએ માન્યું કે રાણીએ કોઈ ભારે પુણ્ય ઉપાર્જન કરેલું હોવું જોઈએ. આથી તેનો પૂર્વભવ જાણવા માટે રાજાએ એકદા તેમના નગરમાં આવેલા જ્ઞાની ગુરુરાજ શ્રીરૂપ્યકુંભ મુનીશ્વર પાસે જઈને રોહિણીનો પૂર્વભવ સાંભળ્યો.

પૂર્વભવમાં રોહિણી દુર્ગંધા નામે એક શ્રેષ્ઠીની દીકરી હતી. તેના શ્યામ શરીરમાંથી એવી દુર્ગંધ નીકળતી હતી કે કોઈ તેને પરણવા તૈયાર થતું નહોતું. તેથી તેના પિતાએ એક દરિદ્ર માણસ સાથે પરણાવવા લગ્ન લીધું. ચોરીમાં હસ્તમેળાપ વખતે વરરાજા દુર્ગંધાના, જાણે અંગાર ઝરતા હાથનો સ્પર્શ થતાં જ હાથ છોડીને ચોરીમાંથી નાસી ગયો. પછી શેઠે એક ચોરનો ઉદ્ધાર કરવા માટે તેની સાથે દુર્ગંધાને પરણાવી. તે પણ અસહ્ય દુર્ગંધને સહન નહીં કરતાં શેઠના ઘરમાંથી ચાલ્યો ગયો.

પછી તો દુર્ગંધા ધર્મધ્યાનમાં તત્પર બની દાન દેતી, પોતાનાં દુષ્કૃત કર્મો જાણીને પશ્ચાત્તાપ કરતી દિવસો પસાર કરતી હતી.—**અહીંથી કથા આગળ વધે છે**—]

## [ ૪ ]

## દુર્ગન્ધાનો પૂર્વભવ

**રૂપ્યકુંભ મુનિરાજ અશોકચંદ્ર રાજાને રોહિણીનો પૂર્વભવ જણાવતાં કહેવા લાગ્યા : ‘તે ધનમિત્ર શેઠ દુર્ગંધાનું પૂર્વસ્વરૂપ કેવી રીતે જાણ્યું તે હું જણાવું છું:-**

**‘ દુર્ગંધાને કોઈ પરણ્યું નહિ તેથી દુ:ખપૂર્વક તે પોતાનો વખત પસાર કરે છે તેવામાં કોઈક જ્ઞાની ગુરુમહારાજ તે નગરના ઉદ્યાનમાં પધાર્યા. તે વખતે ધનમિત્ર શેઠ પુત્રીને લઈને ગુરુને વંદન કરવા ગયા. ગુરુની દેશનાને અંતે શેઠે ગુરુમહારાજને અંજલિ જોડી પૂછયું કે, ‘ હે ગુરુમહારાજ ! આ મારી પુત્રીએ પૂર્વભવમાં એવું કયું અશુભ કર્મ કર્યું છે કે જેથી તે આવા દુર્ગંધ શરીરવાળી થઈ ? ’ તે વખતે જ્ઞાની ગુરુમહારાજે તે દુર્ગંધાની હકીકત નીચે પ્રમાણે જણાવી:—**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'આજ ભરતક્ષેત્રમાં લક્ષ્મી વડે સ્વર્ગપુરી સમાન ગિરિપુર નામનું નગર હતું. તે નગરમાં પૃથ્વીપાલ નામનો રાજા ન્યાયથી પ્રજા ઉપર રાજ્ય કરતો હતો. તેને અતિપ્રિય સિદ્ધિમતી નામની રાણી હતી. એક વાર રાજા રાણીને સાથે લઈ ને ઉદ્યાનમાં ક્રીડા કરવા ગયો. તે વખતે રાજાએ ભિક્ષાને માટે આવતા સાગર નામના એક ઉત્તમ મુનિમહારાજને જોયા. તે મુનિને જોઈ ને રાજાએ વિચાર કર્યો કે આ મુનિરાજ ગુણોના ભંડાર લાગે છે. કહે છે કે, શ્રેષ્ઠ ગુરુઓ તો મહાતીર્થ સ્વરૂપ હોય છે, પરમ પવિત્ર ઉત્તમ પાત્ર હોય છે. કર્મનો ક્ષય કરવાને સાધનભૂત બને છે. કારણ કે કહ્યું છે કે—" સાધુ પુરુષોનું દર્શન પુણ્યરૂપ છે, સાધુઓ તીર્થ સ્વરૂપ છે. તીર્થ તો કાલે કરીને ફળે છે, પરંતુ સાધુપુરુષનો સમાગમ તરત ફલદાયી થાય છે." માટે આ ઉત્તમ અને પોતાના શરીર ઉપર પણ સ્પૃહા વિનાના પૂજ્ય સાધુમુનિરાજને શુદ્ધ અન્ન-પાનાદિકનું દાન મોટા ફલ માટે થાય છે.

'આ પ્રમાણે વિચાર કરીને રાજાએ વનક્રીડા કરવા માટે જતી પોતાની પ્રિયાને કહ્યું કે, 'હે પ્રિયે! તું પાછી વળીને આ ઉત્તમ મુનિરાજને દાન આપ!' રાણી આ આજ્ઞાથી અંતરમાં દુભાઈ. કારણ કે તેની વનક્રીડામાં અંતરાય આવ્યો, તે છતાં બહારથી હર્ષનો દેખાવ કરીને તે ઘર તરફ પાછી વળી. ઘેર જઈ ને તે સિદ્ધિમતી રાણીએ કવેળાએ આવેલા મુનિ ઉપર ખીજાઈ ને તેમને કડવા તુંબડાનું શાક વહેરાવ્યું. ખીજને લીધે માણસ કયું અકૃત્ય કરતો નથી?

'મુનિરાજ વહોરીને ઉપાશ્રયે ગયા. ત્યાં તેમને વિચાર થયો કે, આ કડવી તુંબડીને જો હું ખાઈશ તો મરી જઈશ અને જો હું પરઠવીશ તો અનેક જીવોનો સંહાર થશે. માટે મારા એક જીવનો જ નાશ ભલે થાઓ, એવો વિચાર કરીને તેઓ પોતે તે કડવી તુંબડી ખાઈ ગયા અને અનશન કરીને સમતાભાવપૂર્વક મરણ પામીને સ્વર્ગમાં ગયા.



[ રાણીએ મુનિરાજને કડવા તુંબડાનું શાક વહોરાવ્યું. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'રાણીએ મુનિરાજને કડવી તુંબડી વહોરાવી અને તેથી મુનિરાજનું મરણ થયું એ વાત જ્યારે રાજાએ જાણી ત્યારે તે રાણી ઉપર એકદમ ગુસ્સે થયા અને રાણીને પોતાના દેશની બહાર કાઢી મૂકી. તે જ્યાં ત્યાં રખડવા લાગી અને સાતમે દિવસે તેના શરીરમાં આકરો કોઢ રોગ ઉત્પન્ન થયો. કારણ કે કહ્યું છે કે, "અતિક્લિષ્ટ પાપનું ફળ એ જ ભવમાં ઉદયમાં આવે છે." લાંબા કાળ સુધી રોગથી પિડાતી, માણસો વડે નિન્દા કરાતી અને પગલે પગલે તાડન તર્જન કરાતી તે મરીને છઠ્ઠી નારકીમાં ઉત્પન્ન થઈ. ત્યાં અનેક પ્રકારનાં દુઃખ ભોગવીને આયુષ્ય પૂરું થતાં તિર્યંચમાં ઉત્પન્ન થઈ. ત્યાં પણ દુઃખ ભોગવીને સાતમી નરકે ગઈ. નરકની ઘોર વેદનાઓ ભોગવીને પાછી તિર્યંચમાં ઉત્પન્ન થઈ. એ પ્રમાણે આંતરે આંતરે તે બધી નરકોમાં ઉત્પન્ન થઈ. કારણ કે પાપી જીવોને નરક સિવાય બીજી સારી ગતિ ક્યાંથી મળે ? પછી તો તે અનુક્રમે સર્પિણી ઊંટડી, શિયાલણી, કુકડી, ભૂંડણ, ગીરોલી, ઉંદરડી, કાગડી, કૂતરી, બિલાડી, દેડકી, ગધેડી : એમ તિર્યંચ યોનિમાં રખડી અને ત્યાં પણ તેનું મૃત્યુ પ્રાયે કરીને અગ્નિ અથવા શસ્ત્રઘાત વડે થતું. તિર્યંચમાં છેલ્લો ભવ ગાયનો થયો. ત્યાં મરણ વખતે ગુરુએ તેને નમસ્કાર મંત્ર સંભળાવ્યો અને તે નમસ્કારના પ્રભાવથી, હે ધનમિત્ર શેઠ ! તે તમારે ત્યાં પુત્રીરૂપે ઉત્પન્ન થઈ. અને પૂર્વે કરેલા મુનિઘાતના પાપકર્મને લીધે તે દુર્ગંધા અને દુર્ભાગી બની.'

[ ૫ ]

## રોહિણી તપનું સ્વરૂપ

ગુરુ મહારાજે કહેલો પૂર્વભવનો અહેવાલ સાંભળીને દુર્ગન્ધાને શુભ ધ્યાનના યોગથી જાતિ સ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું અને મુનિરાજે કહ્યા પ્રમાણે પોતાના પૂર્વ ભવો તેણે જોયા. તેથી પાપભીરુ દુર્ગન્ધાએ મુનિરાજને કહ્યું : 'ગુરુ મહારાજ ! આ પાપમાંથી મારો જલદી ઉદ્ધાર કરો. આપના સિવાય મારે બીજો કોઈ આધાર નથી'.

તે વખતે ગુરુ મહારાજે કહ્યું: 'પાપમાંથી છૂટવાને માટે તારે રોહિણી તપ કરવું.'

'આ તપ શી રીતે કરાય છે ?' દુર્ગંધાએ જિજ્ઞાસુ બની પૂછ્યું.

ગુરુ મહારાજે જણાવ્યું : 'રોહિણી નામના નક્ષત્રના દિવસે આ તપ કરાય છે. તે દિવસે ઉપવાસ કરવો જોઈએ. અરિહંત ભગવાન શ્રીવાસુપૂજ્યસ્વામીની ભક્તિપૂર્વક સેવા કરવી. સાત વર્ષ અને સાત માસ સુધી આ તપ કરવું, અંતે તપનું ઊજમણું કરવું.

'આ તપના પ્રભાવથી તું અશોકચંદ્ર નામના રાજાની રાણી થઈશ અને તે ભવમાં તપ કરીને મોક્ષે જઈશ. તે વખતે બારમા શ્રીવાસુપૂજ્યસ્વામીનું પવિત્ર તીર્થ પ્રવર્તશે. અત્યારે રૂપાનું અશોકવૃક્ષ બનાવી તેની નીચે જિનચૈત્ય સ્થાપી તેમાં શ્રીવાસુપૂજ્યસ્વામીની સુવર્ણની નવી પ્રતિમા પધરાવીને તું દરરોજ પૂજન કર અને આ પ્રમાણે કરવાથી પુણ્યના પ્રભાવે સુગંધ ભૂપની જેમ તું સુગંધા થઈશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પુણ્યથી કયું ઇચ્છિત પ્રાપ્ત થતું નથી !'

તે વખતે દુર્ગંધાએ પૂછયું : 'ભગવન્ ! આ સુગંધ રાજા કોણ હતા તેનું સ્વરૂપ કૃપા કરીને જણાવો.'

ગુરુ મહારાજે તે સુગંધ રાજાની કથા કહેવા માંડી: 'આ ભરતક્ષેત્રમાં સિંહપુર નામે ઉત્તમ નગર હતું. તેમાં મહાપરાક્રમી સિંહસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને કનકપ્રભા નામે રૂપવતી રાણી હતી. તેમને નિર્નામક નામે પુત્ર થયો. તે દુર્ગન્ધી, દુર્ભાગી અને લોકોમાં નિંદનીય બન્યો હતો.

'એકવાર છઠ્ઠા શ્રીપદ્મપ્રભસ્વામી સિંહપુર નગરમાં સમોસર્યા ત્યારે નિર્નામક પ્રભુને વાંદવા ગયો, અને તેમને પોતાનો પૂર્વભવ પૂછ્યો ત્યારે પ્રભુએ તેનો પૂર્વ ભવ આ પ્રમાણે કહ્યો :—

'નાગપુર નગરથી બાર યોજન છેટે નીલ નામે પર્વત છે. તે પર્વતની એક ગુફામાં એક મુનીશ્વર માસખમણ કરતા હતા તે વખતે એક શિકારી ધનુષ્ય અને બાણો લઈને આવ્યો. પરંતુ મુનિના પ્રભાવથી તે શિકાર કરવામાં નિષ્ફળ થયો. આથી શિકારીને મુનિ ઉપર ક્રોધ ચડયો. તેમને મારવા માટે એ લાગ જોતો હતો. પારણાને દિવસે તે મુનિએ નગરમાથી ભિક્ષા લાવી પારણું કરીને ગુફામાં કાયોત્સર્ગ કર્યો ત્યારે લાગ જોઈ ક્રોધથી ધમધમતો તે શિકારી ત્યાં આવ્યો. અને મુનિની ચારે બાજુએ લાકડાં ગોઠવી તેમાં અગ્નિ સળગાવ્યો. શત્રુ અને મિત્ર ઉપર સમાન દૃષ્ટિવાળા તે મુનિરાજે અગ્નિના તાપની દુઃસહ વેદના સમતા ભાવે સહન કરી અને શુભ ભાવના યોગે એ મુનિ કેવલજ્ઞાન પામી મોક્ષે ગયા.



[ શિકારીએ ધ્યાનસ્થ મુનિની આસપાસ લાકડાં ગોઠવી અગ્નિ સળગાવ્યો. ]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'તે દુષ્ટ શિકારીને પાપના ઉદયથી ગળતા કોઢનો રોગ થયો. દુઃખથી પિડાતો મરીને તે સાતમી નારકીમાં ગયો. ત્યાંથી નીકળીને ઘુવડ થયો. ત્યાંથી પહેલી નરકે ગયો. ત્યાંથી નીકળીને સર્પ થયો. ત્યાંથી મરીને પાંચમી નરકે ગયો. ત્યાંથી સિંહ થઈને ચોથી નારકીમાં ગયો. ત્યાંથી મરીને ચિત્તો થયો. ત્યાંથી ત્રીજી નારકીમાંથી આવીને ઉંદર થયો. ત્યાંથી બીજી નારકીમાં ગયો. ત્યાંથી ઘુવડ થઈને પહેલી નારકીમાં ગયો. ત્યાંથી નીકળેલો તે દરિદ્ર ગોપાલ ( ભરવાડ ) થયો. એક વખત જંગલમાં દાવાનળ લાગ્યો તેમાં તે દાઝી ગયો. મહામુશીબતે ગામમાં આવ્યો. ત્યાં શ્રાવકે તેને મરતી વખતે નમસ્કાર મંત્ર સંભળાવ્યો ત્યારે સામાધિપૂર્વક મરીને, નમસ્કાર મંત્રના પ્રભાવથી તું રાજપુત્ર થયો બાકી રહેલા પાપકર્મના ઉદયથી શરીરે દુર્ગંધી રાજા થયો.

'શ્રીપદ્મપ્રભસ્વામીએ કહેલું પૂર્વ ભવનું સ્વરૂપ સાંભળીને તે રાજાને જાતિ-સ્મરણ જ્ઞાન થયું. તેણે પ્રભુને પૂછયું કે, 'મારું શરીર સુગંધીવાળું કેવી રીતે થાય ?' તે વખતે પ્રભુએ તેને રોહિણી તપ કરવાનું જણાવ્યું. તેણે પણ ભાવ-પૂર્વક તે તપ કર્યું અને તે તપના પ્રભાવથી તેનું શરીર સુગંધી બની ગયું. તેથી તે રાજાનું નામ સુગંધ રાજા લોકમાં પ્રસિદ્ધ થયું.

આ પ્રમાણેનું તે સુગંધ રાજાનું સ્વરૂપ જાણીને દુર્ગન્ધાએ પણ ગુરુમહા-રાજના કહ્યા પ્રમાણે તે રોહિણી તપની આરાધના કરી. તે તપના પ્રભાવથી દુર્ગન્ધાનું શરીર પર સુગંધવાળું થયું. પછી તો તે સૌભાગ્યવાળી અને લોકોમાં માનનીય થઈને છેવટે સમાધિપૂર્વક મરણ પામી. એ તપના પ્રભાવથી દેવી થઈ ત્યાં દેવલોકનું આયુષ્ય પૂરું થતાં ત્યાંથી આવીને ચંપા નગરીના મઘવા રાજાની રોહિણી નામે રૂપવતી પુત્રી થઈ. હે અશોકચંદ્ર ! આ રોહિણી જ તમારી રાણી થઈ છે.

[ ૬ ]

## રાજા-રાણીનો પરિવાર—

અશોકચંદ્ર રાજાએ રૂપ્યકુંભ મુનીશ્વરને પૂછયું : 'હે ભગવન્ ! મારો તેના ઉપર અને તેનો મારા ઉપર ગાઢ રાગ શાથી થયો છે, તેનું કારણ કૃપા કરીને જણાવો.'

ગુરુ મહારાજે તેમના રાગનું કારણ નીચે પ્રમાણે જણાવ્યું :—

'મેં હમણાં જ તમને સિંહપુર નગરના રાજા સિંહસેનના પુત્ર સુગંધ-રાજનું દૃષ્ટાંત જણાવ્યું. અને સિંહસેન રાજાએ ત્યાર પછી પોતાના પુત્ર સુગંધ-રાજનો રાજ્યાભિષેક કર્યો. સિંહસેને સદ્‌ગુરુની પાસે ભવતારિણી દીક્ષા ગ્રહણ કરી. ત્યાર પછી સુગંધ રાજાએ પણ ન્યાયથી પ્રજાનું પાલન કર્યું. લાંબા કાળ સુધી જિનશાસનની આરાધના કરી. અંતે સમાધિપૂર્વક કાળ કરીને દેવલોકમાં ગયા.

'હવે આ જંબૂદ્વીપના મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામની વિજય આવેલી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. તે વિજયમાં પુંડરીકિણી નામની શોભાયમાન નગરી છે. તે વિજયનો વિમલકીર્તિ નામે રાજા મહાબુદ્ધિશાળી અને યશસ્વી હતો. તે રાજાને કલ્યાણકારી સુંદર શીલવાળી, મધુર વચનવાળી અને મનોહર રૂપવાલી સુભદ્રા નામે રાણી હતી. તે સુભદ્રા રાણીની કુક્ષિને વિષે સુગંધરાજનો, દેવપણે ઉત્પન્ન થયેલ જીવ આયુષ્ય પૂર્ણ થતાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેના જન્મ પહેલાં તેની સુભદ્રા માતાએ ચવક્રતી-પણાને જણાવનારાં ચૌદ મોટાં સ્વપ્નો જોયાં. ત્યાર પછી શુભ દિવસે તે રાણીએ સૂર્ય સમાન તેજસ્વી પુત્રને જન્મ આપ્યો. તેનું નામ અર્કકીર્તિ રાખ્યું. પાંચ ધાવમાતાથી લાલન કરાતો તે અર્કકીર્તિ અનુક્રમે વૃદ્ધિ પામવા લાગ્યો. તે અનેક કલાઓ શીખ્યો તેમ શૌર્ય વગેરે ગુણોનો ભંડાર બન્યો. અનુક્રમે તે વિજયના છ ખંડ સાધીને ચક્રવર્તી રાજા થયો. પછી ચક્રવર્તીની ઋદ્ધિનો પણ ત્યાગ કરીને તે અર્કકીર્તિ ચક્રવર્તીએ જિતશત્રુ નામના ગુરુની પાસે દીક્ષા લીધી. દુષ્કર તપ તપી, ચારિત્રનું સુંદર આરાધન કરી, કાલ કરીને તે અર્કકીર્તિ મુનિ બારમા દેવલોકમાં અચ્યુતેન્દ્ર થયા. આયુષ્ય પૂર્ણ થતાં ત્યાંથી ચ્યવીને તે દેવ તમે અહીં અશોકચંદ્ર નામે રાજા થયા છો. એટલે તે સુગંધ રાજા એ જ તમે અશોકચંદ્ર છો. તમે પૂર્વ ભવમાં રોહિણી તપ કર્યું તેમ આ તમારી રાણી રોહિણીએ પણ તે તપ કર્યું છે. બંને જણે સમાન તપ કર્યું હોવાથી તમને બંનેને પરસ્પર અતિરાગ છે.

'હવે તમારે આઠ સુંદર પુત્રો થયા તેમનું સ્વરૂપ તમને સંભળાવું છું:—



[બ્રાહ્મણ કુમારોને મુનિરાજનો ઉપદેશ]

'મથુરા નગરીમાં અગ્નિશર્મા નામે બ્રાહ્મણ હતો. તે ઘણો ગરીબ હતો. તેને સાત પુત્રો હતા. તે લોકોને ઘેરથી ભિક્ષા માગીને પોતાનું પેટ ભરતા હતા.

'એક વખત તેઓ ભિક્ષાને માટે પાટલીપુત્ર નગર તરફ ચાલ્યા. તેઓ તે નગરના બહારના ઉદ્યાનમાં વિસામો ખાવાને બેઠા. એવામાં તેઓએ ત્યાં ક્રીડા કરવાને આવેલા રાજપુત્રોને જોયા. તે રાજપુત્રો સુંદર રૂપવાળા અને દેવસરખી કાન્તિવાળા હતા. અનેક પ્રકારનાં સુંદર વસ્ત્રાલંકારો તેઓએ ધારણ કર્યાં હતાં.

'આ રાજપુત્રોને ક્રીડા કરતા જોઈને તે બ્રાહ્મણોના પુત્રો વિચાર કરવા લાગ્યા કે આપણે તથા આ રાજકુમારો બંને મનુષ્યો છીએ છતાં આપણામાં ને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનામાં કેટલું મોટું અંતર છે. નક્કી, આ રાજપુત્રોએ પૂર્વભવમાં આકરું તપ કર્યું હશે તેથી આ ભવમાં તેઓ રાજપુત્રો થયા છે, સુંદર રૂપવાળા થયા છે. આપણે તો પૂર્વભવમાં પાપકર્મો કરેલાં છે તેથી આ ભવમાં આપણે ભિક્ષુક કુલમાં જન્મ પામ્યા છીએ અને દરિદ્ર છીએ.

આ પ્રમાણે તેઓ વિચાર કરતા હતા, એવામાં તેમણે એક મુનિરાજને જોયા. શુભોદય નજીક હોવાથી તેઓએ ગુરુ મહારાજને ભક્તિપૂર્વક વંદન કર્યું. યોગ્ય અને વિનયવાળા તે બ્રાહ્મણ પુત્રોને જોઈને દયાળુ ગુરુ મહારાજે તેઓને ધર્મનો ઉપદેશ આપતાં જણાવ્યું કે, ધર્મ એ તો કલ્પવૃક્ષ સમાન છે, ધર્મ ચિન્તામણિ રત્ન સરખો છે, અને ધર્મ જ પરંપરાએ મોક્ષને સાધનાર છે. જિનેશ્વરોએ જીવદયાને ધર્મની માતા કહેલી છે, કારણ કે દયાના પાલનથી સૌભાગ્ય, આરોગ્ય, દીર્ઘાયુ તથા કીર્તિ પ્રાપ્ત થાય છે.

'આ પ્રમાણે ગુરુના મુખથી ધર્મનું સ્વરૂપ સાંભળીને તેઓએ ભાવપૂર્વક અરિહંત ભગવંતોનો ધર્મ અંગીકાર કર્યો અને તેની આરાધના કરીને તેઓ દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને દેવ સરખા સ્વરૂપવાળા ગુણપાલ વગેરે નામે તમારા સાત પુત્રો થયા.

'હવે તમારો લોકપાલ નામે જે આઠમો પુત્ર થયો તેનું સ્વરૂપ કહું છું:—

'વૈતાઢ્ય પર્વત ઉપર ભિલ્લાંકપુર નામે સમૃદ્ધ નગરમાં ચારુકીર્તિ નામે વિદ્યાધર હતો. તે હંમેશાં અરિહંત ભગવાનની પૂજા-વંદન વગેરેથી ધર્મકાર્ય કરતો હતો. તે વિદ્યાધર અંતકાળે સમાધિપૂર્વક મરીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવીને તે તારો લોકપાલ નામે સૌથી નાનો આઠમો પુત્ર થયો. પૂર્વે કરેલા પુણ્યના ઉદયથી જ્યારે તમે તેને ખોળામાંથી નાખી દીધો ત્યારે દેવીએ તેને અદ્ધરથી પકડીને સહાય કરી.

'હવે તમારી ચાર પુત્રીઓના પૂર્વ ભવનું પુણ્ય સ્વરૂપ સાંભળો:—

'વૈતાઢ્ય પર્વત ઉપર શ્રીપુર નામે નગરમાં ચિત્રગતિ નામે એક વિદ્યાધર રહેતો હતો. તેને લાવણ્યવતી ચાર પુત્રીઓ હતી. તે ચારે બહેનો એકવાર ઉદ્યાનમાં જઈને ક્રીડા કરવા લાગી. ત્યાં તેમણે પોતાના પુણ્યના ઉદયથી એક જ્ઞાની મુનિરાજને જોયા. તેમણે મુનિરાજને વંદન કર્યું.

'તે વખતે મુનિએ તેમને પૂછ્યું કે, 'તમે ધર્મ જાણો છો ? અને આચરો છો ?' તે વખતે તેઓએ કહ્યું કે, 'અમે ધર્મને જાણતા નથી અને તેથી આચરતા પણ નથી.' ત્યારે મુનિરાજે કહ્યું કે, 'તમારું આયુષ્ય ઘણું જ થોડું બાકી રહેલું છે.' તેમણે પૂછ્યું કે, 'અમારું કેટલું આયુષ્ય બાકી રહ્યું છે ?' જવાબમાં સાધુ મહારાજે જણાવ્યું કે, 'આજે જ સાંજે તમારું મૃત્યુ થવાનું છે.' ત્યારે તેમણે કહ્યું કે, 'થોડા જ વખતમાં મરણ પામનારી અમે પરલોકમાં સુખકારી એવો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





[ ચાર બ્હેનો ]

ધર્મ કેવી રીતે કરી શકીએ.' તે વખતે ગુરુએ કહ્યું કે, 'આજે શુકલ પંચમીનો શુભ દિવસ છે. આ દિવસે જ્ઞાનની આરાધના કરાય છે અને ગુરુ મહારાજની સાક્ષીએ ઉપવાસનું પ્રત્યાખ્યાન કરાય છે. માટે આજે તમે શ્રદ્ધાપૂર્વક ઉપવાસ કરો તો આ તપના પ્રભાવથી તમે ભવાંતરમાં સુખી થશો.' ગુરુનાં વચન સાંભળીને તે ચારે બેનોએ તપનાં પચ્ચકખાણ લીધાં અને પછી ગુરુ મહારાજને વંદન કરીને તેઓ પોતાને ઘેર ગયાં.

તેઓએ પોતાનું વૃત્તાન્ત તેમના પિતાને જણાવ્યું. પિતાએ પણ તેને અનુમોદન આપ્યું, તેથી તેઓ પોતાને ધન્ય માનતી આનંદિત થવા લાગી. પછી તેઓ પ્રભુની પૂજા કરીને શુભ ભાવમાં રહી, તેવામાં તેમના ઉપર સાંજે વીજળી પડવાથી તે ચારે મરીને દેવલોકમાં ઉત્પન્ન થઈ. ત્યાંથી આયુષ્ય પૂર્ણ થતાં તે ચારે મરીને તમારી પુત્રીઓ થઈ. સૌભાગ્ય પંચમીના તપના પ્રભાવથી તેઓને આ ભવમાં જ મોક્ષગતિ મળશે. જિનેશ્વરે કહેલા તપના પ્રભાવથી પ્રાણીઓને કયું ઈચ્છિત સિદ્ધ ન થાય?'

આ પ્રમાણેનું રૂપ્યકુંભ મુનિરાજ પાસેથી પૂર્વભવ સાંભળીને અશોકચંદ્ર રાજાને જાતિસ્મરણ જ્ઞાન પ્રાપ્ત થયું. ત્યારપછી અશોકચંદ્ર રાજાએ તથા રોહિણી રાણીએ ગુરુની પાસે રોહિણી તપ અંગીકાર કર્યો. બંને ગુરુ મહારાજને નમીને પોતાને ઘેર આવ્યાં.

લાંબા કાળ સુધી તે રોહિણી તપની આરાધના કરીને સુખ ભોગવ્યું. છેવટે તે બંનેએ રાજ્યનો ત્યાગ કરીને સુગુરુની પાસે ચારિત્ર ગ્રહણ કર્યું. અતિ ઉગ્ર તપ કરીને ઘાતીકર્મનો ક્ષય કરી નિર્મળ કેવલજ્ઞાનને મેળવ્યું અને સંપૂર્ણ કર્મનો ક્ષય કરી સર્વ પ્રકારનાં દુઃખથી રહિત મોક્ષ સુખને પામ્યા.

આ પ્રમાણે રોહિણી તપ વિશે અશોકચંદ્ર અને રોહિણીની કથા છે.

તપનો પ્રભાવ જણાવતાં કહ્યું છે કે, જે તપના પ્રભાવથી વિવિધ લબ્ધિઓ અને સુંદર સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેમજ સઘળાં પાપ કર્મોનો નાશ થાય છે તે તપને કોણ ન વખાણે? તપને લીધે સૌભાગ્યશાળી રૂપ અને રોગ રહિત શરીર પ્રાપ્ત થાય છે. સઘળે કીર્તિ ફેલાય છે અને જગતના લોકોમાં માનનીય થાય છે. સ્ત્રી, પુત્રો અને વૈભવની પ્રાપ્તિ તપને લીધે થાય છે. જે વસ્તુ દૂર રહેલી છે, જે દુઃખે આરાધી શકાય તેવી છે એવી વસ્તુની પ્રાપ્તિ પણ તપને લીધે સાધ્ય બને છે. માટે તપને વિષે હંમેશાં ઉદ્યમ રાખવો.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# विद्वद्वर्य श्रीसुमतिविजय

लेखक : **श्रीयुत अगरचंदजी नाहटा**

**पूज्य जंबूविजयजी** महाराजका पत्र मिला कि अमेरिकन, कॉंग्रेस लायब्रेरी–रेफरेन्स लायब्रेरियन फॉर एशिया सेम्लन, (वॉशिंगटन)के अफ्सर वाल्टर एच. माउरूर ( Walter H. Maurer ) सुमतिविजय रचित 'मेघदूत–टीका'का सम्पादन कर रहे हैं। उन्होंने अपने पत्रोंमें सुमतिविजयकी गुरुपरम्परा, उनके रचित अन्य ग्रंथ आदिके सम्बन्धमें विशेष जानकारी मांगी है। इसलिये प्रस्तुत लेखमें उनकी विद्वत्परम्परा आदिके सम्बन्धमें अपनी जानकारी प्रकाशित कर रहा हूँ।

करीब १५–२० वर्ष पूर्व जब मैं बीकानेरके उपाध्याय जयचन्दजीके संग्रहकी हस्त-लिखित पुस्तकोंकी सूची बना रहा था, सुमतिविजय रचित 'रघुवंश-टीका'की प्रति देखनेको मिली और उनके गुरुभाई मानजी रचित दो पद्यमय हिन्दी ग्रंथ अवलोकनमें आये। उनके गुरु विनयमेरुकी कई रचनायें हमारे संग्रहमें थी। तभीसे मेरी इस विद्वत्परम्पराकी जानकारीका प्रारम्भ हुआ। सुमतिविजयने 'मेघदूत-टीका'की प्रशस्तिमें अपने गुरुका नाम विनयमेरु और टीकाका नाम 'सुगमान्वया' लिखा है, इसकी रचना विक्रमपुरमें हुई, इतना ही उल्लेख किया है। इसमें ग्रंथकी रचना कब हुई, और वे किस गच्छके थे? इसकी जानकारी इस प्रशस्तिमें नहीं दी गई। पर 'रघुवंश-टीका'की प्रशस्तिमें इन्होंने अपनी गुरुपरम्परा कुछ विस्तारसे देते हुए रचनाकालका भी निर्देश किया है। अतः इनकी प्रशस्तिको यहां दिया जा रहा है।

"श्री**मन्नन्दिजया**ख्यानां पाठकानामभूद् वरः।
शिष्यः **पुण्यकुमारे**ति नाम्ना स पुण्यवारिधिः ॥ १ ॥
तस्याभवन् विनेयाश्च **राजसारा**स्तु वाचकाः।
स जिनोक्तक्रियायुक्ताः वैराग्यरसरञ्जिताः ॥ २ ॥
शिष्यमुख्यास्तु तेषां तु **हेमधर्माः** सदाह्वयाः।
शिष्टादिष्टाः गुणाभीष्टा बभूव साधुमंडले ॥ ३ ॥
सांप्रतं तद्विनेयाश्च जीयासुः धीधनाः चिरं।
पाठका वादिवृन्देन्द्राः श्री**मद्विनयमेरवः** ॥ ४ ॥
**सुमतिविजयेनेव** विहिता **सुगमान्वया**।
वृत्तिर्बालावबोधार्थं तेषां शिष्येण धीमता ॥ ५ ॥
**विक्रमाख्ये** पुरे रम्येऽभीष्टदेवप्रसादतः।
रघुकाव्यस्य टीकेयं कृता पूर्णा मया शुभा ॥ ६ ॥
१ निर्विग्रहं-शशि-संवत्सरे फाल्गुनसितैकादश्यां तिथौ संपूर्णा।"

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



इस प्रतिमें—२ निर्विग्रहं-वसु-शिवनेत्र-वस्वेंदुसंवत्सरे मार्गशीर्षशुक्लप्रतिपदायां तिथौ संपूर्णा ॥

इस 'रघुवंश-टीका'का परिमाण १३००० श्लोकोंका है। सुमतिविजयकी तो ये दो ही रचनाएँ प्राप्त हैं। इनमेंसे 'मेघदूत–टीका'की दो प्रतियाँ और 'रघुवंश टीका'की चार प्रतियाँ भण्डारकर ओरियेन्टल इन्स्टीटयूट-पूनामें प्राप्त हैं। रघुवंश टीकाकी एक प्रति कलकत्तेके श्रीबद्रीदासजीके म्युजियममें भी हमारे अवलोकनमें आई थी। फतेहपुर भण्डारमें भी प्रति देखी थी और हमारे संग्रहमें भी ११० पत्रोंकी एक अपूर्ण प्रति है। अन्य प्रति आमेर भण्डारमें भी प्राप्त है।

रघुवंश टीकाकी उपर्युक्त प्रशस्तिसे इनका गुरुपरम्परा वंशवृक्ष इस प्रकार बनता है।

उपाध्याय नंदिविजय
|
पुण्यकुमार
|
वाचक–राजसार
|
हेमधर्म
|
(सुमतिमेरु) — उपा. विनयमेरु
|
सुमतिविजय — (मानजी)

इनमेंसे पहलेके चार गुरु-मुनियोंके सम्बन्धमें तो विशेष वृतान्त नहीं मिला; पर सुमतिविजयजीके गुरु उपाध्याय विनयमेरुकी अनेक रचनाएँ मुझे प्राप्त हुई हैं। विनयमेरुके गुरु-भ्राता सुमतिमेरु थे, जिनके रचित 'रत्नकेतु चौपाई' सं. १६६८ वैशाख सुदि १ को रचित प्राप्त है। विनयमेरुकी रचनाओंमें सबसे पहली 'गुण-सुन्दरी चौपाई' सं. १६६७ आसोज सुदि पूनम फतहपुरमें रची गई, जिनकी पद्य संख्या १४४ है। इसके बाद 'हंसराज वच्छराज प्रबन्ध' सं. १६६९ लाहोरमें रचा गया, तदन्तर 'सुदर्शन चौपाई' सं. १६७८ आजौस सुदि १५ सीधपुरमें रचित हमारे संग्रहमें हैं। सं. १६७९ में जैसलमेरसे संघवी माल्हगोत्री अर्जुनने शत्रुंजयका संघ निकाला, उसमें विनयमेरु भी साथ थे। उन्होंने इस संघका वर्णन संघपति अर्जुनके आग्रहसे माघ सुदि २ को "शत्रुंजय उद्धार" के नामसे बनाया, जिसकी पाँच पत्रोंकी प्रति हमारे संग्रहमें हैं। इसे उसी समयके लगभग श्राविका मानादेने अपने पढनेके लिए लिखी हैं। इसमें सं. १६७५ में जो सं. शिवजी रूपजीने चौमुखविहारकी प्रतिष्ठा जिनराजसूरि से करवाई थी उसका ऐतिहासिक वर्णन भी है।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



सं. १६८४ में सुमतिमेरु और विनयमेरु दोनोंका चतुर्मास बीकानेर राज्यके प्राचीन रिणी नगरमें हुआ। वहाँके संघके अनुरोधसे इन दोनों गुरुभाईयोंने 'देवराज-वछराज प्रबन्ध' नामक ग्रंथकी रचना चार खण्डोंमें की। अश्विन सुदि १५ को यह रास रचा गया, इसकी प्रति, वाचक सुमतिमेरुकी स्वयं लिखित मोतीचंदजी खजांचीके संग्रहमें है। इसके बाद सं. १६८९ बरहानपुरमें रचित 'वसवन्ना चौपाई' प्राप्त है। अन्तिम रचना 'द्रौपदीसती चौपाई' सं. १६९८ विजया दशमीको रची हुई मिली है। इसी बीचमें रचित आपके कई स्तवन प्राप्त हुए हैं, जिनमेंसे निम्नोक्त उल्लेखनीय हैं।

(१) लूणकरणसर आदि जिन स्तवन, गाथा २१. सं. १६७५ काती सुदि ७.
(२) पन्नवणा विचार स्तवन, गाथा सं. १६९२ पो. सुदि ७. साचौर
(३) गोड़ी पार्श्व स्तवन, गाथा ७. सं. १६९४ वैशाखवदि ११.
(४) घंघाणी पद्मप्रभजिन स्तोत्र, गाथा २७ सं.

और भी आपके रचित अन्य कई स्तवन हमारे संग्रहके गुटकेमें हैं। संवत् १६९८ भाद्रवा वदि २ को पारख पंचायणने आपके पास कुछ नियम ग्रहण किये थे जिनकी नोंध हमारे उक्त संग्रह गुटकेमें है। इन सब उल्लेखोंसे सुमतिमेरु और विनयमेरु अच्छे मुनि और विद्वान थे, सिद्ध होते हैं। सं. १६६७ से ९८ तक उनका साहित्यका रचनाकाल हैं। 'जैन गुर्जर कविओ' भाग १. पृष्ठ ४७८ में विनयमेरुके 'हंसराज वच्छराज प्रबन्ध'का विवरण देते हुए कविके स्थान पर उनका नाम विनयमेरुके बदल विजयमेरु छप गया था इसका संशोधन मैंने तृतीय भागके पृष्ठ ९५४ में करवा दिया था। इस तीसरे भागमें उनके 'कण्वन्ना चौपाई'का विवरण छपा है। इन दो रचनाओंके अतिरिक्त समस्त रचनाएँ मेरी शोधसे ही प्राप्त हुई हैं। और कुछ तो मेरे संग्रहमें ही हैं। सुमतिविजयने अपनी परम्परा देते हुए गच्छका नाम नहीं दिया; पर विनयमेरुकी रचनाओंमें गच्छका नाम खरतर और तत्कालीन खरतरगच्छके आचार्य यु० जिनचन्द्रसूरि, जिनसिंहसूरि, जिनराजसूरि और जिनसागरसूरिका उल्लेख मिलता है।

विनयमेरुके शिष्य सुमतिविजयके अतिरिक्त मानजी नामक और थे जिनके रचित हिन्दी भाषाके दो वैदिक ग्रंथ बहुत ही महत्त्वके प्राप्त हुए हैं। पहला 'कविविनोद' सं. १७४५ वैसाख सुदि ५ सोमवारको लाहोरमें रचा गया और दूसरा १७४६ कातीसुदि २ को 'कवि-प्रबोध' नामक ग्रंथ रचा गया। यह दोनों रचनाएँ शुद्ध हिन्दी भाषामें हैं, इनमें मानजीने अपनेको "बीकानेरवासी" बतलाया है। मान कविकी और कई हिन्दी रचनाएँ मिलती हैं; पर इस नामके कई कवि हो गए हैं। अतः जिनमें रचनाकालका उल्लेख नहीं है उनके रचयिताका निर्णय करना कठिन है। 'संयोग द्वात्रिंशिका' सं. १७३१ चेतसुदि ६ की रचना है। सम्भव है इसके रचयिता ये मान कवि ही हों। मान कविके दोनों ग्रन्थोंके कुछ आवश्यक पद्य यहां दिए जाते हैं।

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'भट्टारक **जिनचंद** गुरु, सब गछको सिरदार,
**खरतर**गछ महिमानिलौ, सब जनको सुखकार ॥
जाको गच्छवासी प्रगट, वाचक **सुमतिमेर,**
ताकौ शिष्य मुनि **मानजी,** वासी **बीकानेर** ॥
कीयौ ग्रंथ **लाहोर**मैं, उपजी बुद्धको वृद्धि,
जो जन राखै कठ मैं, सो होवे प्रसिद्ध ॥
**खरतरगच्छ** प्रसिद्ध जगि, वाचक **सुमतिमेर,**
**विनयमेर** पाठक प्रगट, कीये दुष्ट जग जेर ॥
ताको शिष्य मुनि **मानजी,** भयो सबनि प्रसिद्ध,
गुरु प्रसादके बचनतैं, भाषा कीनी जन निद्ध ॥
**कविप्रमोद** ऐ नाम रस, कीयो प्रगटि यह सुख,
जो नर चाहें याहिकों, सदा होय मन सुख ॥'

इति श्री**खरतरगच्छीयवाचकश्रीसुमतिमेरु**गणितद्भ्रातृपाठकश्री**विनेमेरुगणिशिष्य मानजी** विरचिते भाषा–'कविप्रमोदरस' ग्रन्थ।

उपर्युक्त उद्धणोंमेंसे पहलेमें मानजी अपनेको सुमतिमेरुका शिष्य बतलाते हैं और दूसरेमें पाठक विनयमेरुका। पर लेखककी प्रशस्तिसे स्पष्ट है कि वे विनयमेरुके शिष्य थे। इस तरह सं. १७४५ तक सुमतिविजयके गुरुभाई मुनि मानजी विद्यमान थे, स्पष्ट होता है। इसके बादकी परम्परा अभी अन्वेषणीय है।

अमेरिकन विद्वान्ने जो सुमतिविजयके गुरुका नाम विजयमेरु या विनयमेरु था? शंका की है वह किसी प्रतिमें विनयमेरुको विजयमेरु लिख देने या पढ़ देनेसे उद्भावित हुई है। वास्तवमें नाम विनयमेरु ही था।

विक्रमपुरको 'कथासरित्सागर'में जो उज्जैनी बतलानेका लिखा गया है वह भी ठीक नहीं है। विक्रमपुर, बीकानेर ही था। सुमतिविजयके गुरुभाई मानजी अपनेको स्पष्टतः बीकानेरवासी ही लिखते हैं। इससे शंकाको कोई स्थान नहीं रहता।

विनयमेरुने अपनी रचनाओंकी प्रशस्तियोंमें लिखा है—

'वाचनाचारिजा गुणनिलउ, सो राजसार गणि नाम।
तास सीस गुणआगरू, सर्वगुणे अभिराम।
हेमधर्म गुरु सानिधइ, दिन दिन सुख सुचंग।
सुमतिमेरु गणिवर वहइ, विनयमेरु मनरंग।'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## જૈન કથા સાહિત્યના મહારથી

# પ્રોફેસર ડૉ. હર્ટલનો દેહાંત

**લેખિકા : શ્રીમતી ડૉ. શાર્લોટે ક્રાઉઝે (સુભદ્રાદેવી) રિસર્ચ પ્રોફેસર**

**જર્મનીથી** હમણાં જ આ દુઃખદાયક સમાચાર પ્રાપ્ત થયા છે કે લાઈપ્જિગમાં ગત ઑક્ટોબરમાં ૮૪ વર્ષના આયુષ્યમાં થોડી માંદગી પછી ભારતીય ભાષાઓ અને સાહિત્યના માનીતા અન્વેષક ત્યાંના વિશ્વવિદ્યાલયના સેવાનિવૃત્ત પ્રાધ્યાપક પ્રોફેસર ડૉ. યોહનેસ્ હર્ટલનો દેહાંત થયો છે.

ભારતીય કથા સાહિત્ય વિશેષતઃ 'પંચતંત્ર' સાહિત્ય સંબંધિની એમની શોધખોળ જગત્પ્રસિદ્ધ છે. 'પંચતંત્ર' સાહિત્યની ગહરી શોધમાં ઊતરતાં તેઓએ બતાવ્યું છે કે આ ગ્રંથ, બાઈબલને છોડીને, જગત્‌ની સૌથી વધારે ભાષાઓમાં અનુવાદિત ગ્રંથ છે. અનેક વિલાયતી, અરબિસ્તાની, ઈરાની ઈત્યાદિ સાહિત્યની પ્રાચીન કથાઓ અધિકતર તેના ઉપર આધારિત છે. તેઓએ એ પણ બતાવ્યું છે કે આ 'પંચતંત્ર' સાહિત્યના નિર્માણમાં જૈન ગ્રંથકારોએ, ખાસ કરીને ગુજરાતના શ્વેતાંબર સાધુઓએ ઘણો મોટો ફાળો આપ્યો હતો. આ અન્વેષણોનું ફળ તેઓએ અન્યાન્ય નિબંધો ઉપરાંત "ડાસ્ પંચતંત્ર" નામક એક વિશાલ ગ્રંથમાં પ્રકાશિત કર્યું છે. તેઓએ જૈન ઔપદેશિક સાહિત્યની ઘણી ખરી કથાઓ સંસ્કૃત, પ્રાકૃત, અને અપભ્રંશમાંથી જર્મન ભાષામાં અનુવાદિત કરીને તેનો પરિચય જર્મન જનતાને કરાવ્યો છે.

તે વખતે વિદ્વાનોમાં એવો ભ્રમ ફેલાયો હતો કે જૈનોના કથા સાહિત્યની સંસ્કૃત ભાષા સદોષ નહીં તો અશિષ્ટ તો છે, કારણ કે તેમાંના કંઈક શબ્દો સંસ્કૃત શબ્દકોષોમાં મળતા નથી. પણ ડૉ. હર્ટલે એ વાત સિદ્ધ કરી બતાવી છે કે આ જૈન સંસ્કૃતના લેખકો જેઓ પ્રાયઃ સંસ્કૃત વ્યાકરણના નિષ્ણાત પંડિતો હતા, પોતાના ધર્મનો પવિત્ર સંદેશ વધારે સ્પષ્ટ કરવાના ઉદ્દેશથી જ પ્રાંતિક ભાષાઓના, વિશેષતઃ તેમણે ગુજરાતી અને હિન્દીના શબ્દોને સંસ્કૃત રૂપ આપીને તેઓ કામમાં લાવ્યા કરતા હતા. એટલે જૈન સંસ્કૃત ઔપદેશિક સાહિત્યની શોધ કરનાર વિદ્વાનોને માટે સંસ્કૃતની સાથે ભારતીય પ્રાંતિક ભાષાઓનો પણ અભ્યાસ કરવો પરમાવશ્યક છે. તેઓ પોતે ગુજરાતીના સ્વયંપઠિત જાણકાર હતા. એટલું જ નહીં, અપિતુ તેઓએ પ્રાચીન ગુજરાતી સાહિત્યની અને ખાસ કરીને જૈન સાહિત્યની શોધ કરીને તેની ભાષા અને સાહિત્ય સંબંધીના અન્યાન્ય વિદ્વત્તાભરેલા નિબંધો પ્રકાશિત કર્યા છે.

એટલે જૈન શ્વેતાંબર ઔપદેશિક સાહિત્યની તરફ દુનિયાનું લક્ષ આકર્ષિત કરીને અને જૈન સંસ્કૃતનું સાચું સ્વરૂપ બતાવીને તેઓએ જૈન સાહિત્ય ઉપર જે ઉપકાર કર્યો છે તે ચિરસ્મરણીય છે.

પોતાના જીવનના પાછલના ભાગમાં તેઓ વેદસંહિતા અને પારસીઓના અવસ્તાની ગહરી તુલનાત્મક શોધખોળમાં લાગી ગયા હતા. તેના ક્રમમાં તેઓ એવા અપૂર્વ નિર્ણય ઉપર આવ્યા હતા કે આ પુરાતન ગ્રંથોની વ્યાખ્યાને માટે મૂલ કર્તાઓથી સેંકડો નહીં, અપિતુ હજારો વર્ષો પછી ઉત્પન્ન થયેલા સાયન વગેરે ટીકાકારો કરતાં વેદ સંહિતાને માટે જેંદ અવસ્તાના ગ્રંથો અને અવસ્તાને માટે વૈદિક સંહિતાઓ કંઈક અંશે વધારે ઉપયોગી છે કારણ કે એમના અને ઘણા અન્ય વિદ્વાનોના મત પ્રમાણે આ બન્ને પ્રાચીનતમ પ્રજા, અર્થાત્ વૈદિક અને આવસ્તિક આર્યો, એક જ દેશના—અફગાનિસ્તાનના—સમકાલીન રહેવાસી હતા. આ બન્ને પ્રાચીન પ્રજાની પ્રાયઃ સમાનભૂત અગ્નિઆરાધના સંબંધે પણ એમની શોધખોળ અત્યમૂલ્યવાન છે.

આ મહાન્ વિદ્વાન્ અને ઋષિના આત્માને શાંતિ સાંપડો અને એમની સ્મૃતિ અમર રહો એ જ ઈચ્છીએ છીએ.

ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SHREE MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar - 382 007.
Ph.: (079) 23276252, 23276204-05

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન સત્ય પ્રકાશ

## અંગે સૂચના

### યોજના

૧. શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ દ્વારા 'શ્રી. જૈન સત્ય પ્રકાશ' માસિક ૧૯ વર્ષ થયાં પ્રગટ કરવામાં આવે છે.

૨. એ સમિતિના આજીવન સંરક્ષક તરીકે રૂા. ૫૦૦) આ૦ દાતા તરીકે રૂા. ૨૦૦) આ૦ સદસ્ય તરીકે રૂા. ૧૦૧) રાખવામાં આવેલા છે. આ રીતે મદદ આપનારને કાયમને માટે માસિક મોકલવામાં આવે છે.

### વિનંતિ

૧. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો ચતુર્માસનું સ્થળ નક્કી થતાં અને શેષ કાળમાં જ્યાં વિહરતા હોય એ સ્થળનું સરનામું માસિક પ્રગટ થાય એના ૧૫ દિવસ અગાઉ મોકલતા રહે અને તે તે સ્થળે આ માસિકના પ્રચાર માટે ગ્રાહકો બનાવવાનો ઉપદેશ આપતા રહે એવી વિનંતિ છે.

૨. તે તે સ્થળોમાંથી મળી આવતાં પ્રાચીન અવશેષો કે ઐતિહાસિક માહિતીની સૂચના આપવા વિનંતિ છે.

૩. જૈનધર્મ ઉપર આક્ષેપાત્મક લેખો આદિની સામગ્રી અને માહિતી આપતા રહે એવી વિનંતિ છે.

### ગ્રાહકોને સૂચના

૧. "શ્રી જૈન સત્ય પ્રકાશ" માસિક પ્રત્યેક અંગ્રેજી મહિનાની ૧૫મી તારીખે પ્રગટ થાય છે.

૨. આ માસિકનું વાર્ષિક લવાજમ રૂા. ૩) ત્રણ રૂપિયા રાખવામાં આવ્યું છે.

૩. માસિક વી. પી. થી ન મંગાવતાં લવાજમના રૂા. ૩) મનીઑર્ડરદ્વારા મોકલી આપવાથી અનુકૂળતા રહેશે.

૪. આ માસિકનું નવું વર્ષ દિવાળીથી શરૂ થાય છે. પરંતુ ગ્રાહક ગમે તે અંકથી બની શકાય.

૫. ગ્રાહકોને અંક મોકલવાની પૂરી સાવચેતી રાખવા છતાં અંક ન મળે તો સ્થાનિક પોસ્ટ ઑફિસમાં તપાસ કર્યા પછી અમને સૂચના આપવી.

૬. સરનામું બદલાવવાની સૂચના ઓછામાં ઓછા ૧૦ દિવસ અગાઉ આપવી જરૂરી છે.

### લેખકોને સૂચના

૧. લેખો કાગળની એક તરફ વાંચી શકાય તેવી રીતે શાહીથી લખી મોકલવા.

૨. લેખો ટૂંકા, મુદ્દાસર અને વ્યક્તિગત ટીકાત્મક ન હોવા જોઈએ.

૩. લેખો પ્રગટ કરવા ન કરવા અને તેમાં પત્રની નીતિને અનુસરીને સુધારોવધારો કરવાનો હક તંત્રી આધીન છે.

મુદ્રક : ગોવિંદલાલ જગશીભાઈ શાહ, શ્રી શારદા મુદ્રણાલય, પાનકોર નાકા, અમદાવાદ.
પ્રકાશક : ચીમનલાલ ગોકળદાસ શાહ.
શ્રી. જૈનધર્મ સત્ય પ્રકાશક સમિતિ કાર્યાલય, જેશિંગભાઈની વાડી, ઘીકાંટા રોડ–અમદાવાદ.

For Private And Personal Use Only